RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 332* Date: 29.09.2020 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## પુલવામામાં અથડામણ: સેનાએ બે આતંકીઓને ઠાર કર્યા, એક જવાન ઘાયલ

*પુલવામા,તા.૨૮*

જમ્મુ કશ્મીરના પુલવામા વિસ્તારમાં આજે સવારે આતંકવાદીઓ અને સિક્યોરિટી વચ્ચે અથડામણ થઇ હતી. સિક્યોરિટીએ બંનેને ઠાર કર્યા હતા અને તેમની ઓળખ કરાઇ રહી હતી.

જો કે આ અથડામણમાં ભારતીય લશ્કરનો એક જવાન પણ ઈજા પામ્યો હતો. આ જવાનને આતંકવાદીની ગોળી પગમાં વાગી હતી.

સાઉથ કશ્મીરના અવંતિપુરા વિસ્તારના સમ્બુરામાં આતંકવાદી છૂપાયા હોવાની બાતમી મળતાં સિક્યોરિટીએ આ વિસ્તારને ઘેરી લઈને તપાસ શરૂ કરી હતી. એ દરમિયાન અકળાઇ ગયેલા આતંકવાદીઓ સિક્યોરિટી પર ગોળીબાર કર્યો હતો. સિક્યોરિટીએ વળતો ગોળીબાર શરૂ કર્યો હતો. આ અથડામણમાં બંને આતંકવાદી ઠાર થયા હતા. બંને કયા જૂથના હતા અને કોણ હતા એની તપાસ સિક્યોરિટીએ ચાલુ કરી હતી.

સિક્યોરિટીના એક પ્રવક્તાએ કહ્યું હતું કે હવે આતંકવાદીઓ નવા નવા ઉપાયો અજમાવી રહ્યા હતા. શૌચાલયોની નીચે બંકર બનાવીને એમાં આ લોકો છૂપાઇને રહેતા હતા. સિક્યોરિટી દળો માનતા હતા કે આતંકવાદીઓ સામે વધેલી તેમની ભીંસ અને વધુ આતંકવાદીઓ ઠાર થવા માંડ્યા એ પછી આતંકવાદી જૂથો સંતાવાના નવા નવા સ્થળો શોધી રહ્યા હતા. એનું એક કારણ એ પણ હોઇ શકે કે સ્થાનિક લોકોની સાથે રહેવામાં આતંકવાદીઓને હવે વધુ જોખમ જણાતું હતું.

જમ્મુ કશ્મીરના પોલીસ વડા દિલબાગ સિંઘે કહ્યું કે જમ્મુ કશ્મીરમાં એવા એક કરતાં વધુ દાખલા મળ્યા જયારે આતંકવાદીઓ શૌચાલયોની નીચે કે સેપ્ટિક ટેંકમાં છૂપાયેલા મળી આવે.

## કોરોના સંકટ: મેડિકલ રિસર્ચે વેક્સિન પોર્ટલ લોન્ચ કર્યું




*ન્યુ દિલ્હી,તા.૨૮*

ભારતમાં કોરોના વાયરસની વેક્સિન સાથે જોડાયેલી તમામ જાણકારીઓ હવે તમને એક પોર્ટલ પર મળી જશે. ભારતમાં પ્રથમવાર દેશની સર્વોચ્ચ મેડિકલ રિસર્ચ બોડી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ એક વેક્સિન પોર્ટલ લોન્ચ કર્યું છે. આ વેક્લિન પોર્ટલને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને આજે લોન્ચ કર્યુ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને જનતા વચ્ચે જાગરૂકતા પેદા કરવા માટે કોવિડ-૧૯ માટે વેક્સિન પોર્ટલનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પોર્ટલ પર ભારતમાં વેક્સિન વિકાસ સંબંધિત બધી સૂચનાઓ ઉપલબ્ધ રહેશે. આઈસીએમઆર વેક્સિન પોર્ટલને સોમવારે જાહેર કરવામાં આવશે. સમયની સાથે વિભિન્ન બીમારીઓને રોકવા માટે ઉપયોગ થનાર બધી સરીઓ માટે ઉપલબ્ધ ડેટાની સાથે વેબ પોર્ટલને વધુ મજબૂત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભારતમાં હાલ ત્રણ કોરોના વેક્સિન પર કામ ચાલી રહ્યું છે. આ ત્રણેય વેક્સિન ટ્રાયલના અલગ-અલગ તબક્કામાં છે. ભારતમાં ત્રણ કોરોના વેક્સિન- ભારત બાયોટેક-આઈસીએમઆરની કોવેક્સિન, અને ઝાયડસ કેડિલાની ઝાઈકોવ-ડી અને ઓક્સફોર્ડ-એસ્ટ્રોઝેનેકાની કોવિશીલ્ડ છે.

ભારતની પ્રથમ સ્વદેશી કોરોના વેક્સિન જે ભારત બાયોટેક વેક્સિન છે, તેને આઈએમસીઆરના સહયોગથી વિકસિત કરવામાં આવી રહી છે. આ રીતે બીજી વેક્સિન ફાર્માની દિગ્ગજ કંપની ઝાયડસ કેડિલા એક ડીએનએ વેક્સિન પર કામ કરી રહી છે.

ભારતમાં ત્રીજી વેક્સિન એક રિકોમ્બિનેન્ટ ઓક્સફોર્ડ યુનિવર્સિટી વેક્સિન છે, જે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા નિર્મિત છે, જેને દેશના ડ્રગ્સ કંટ્રોલર જનરલ તરફથી બીજા અને ત્રીજા તબક્કાના ટ્રાયલની મંજૂરી મળી ગઈ છે.

વૈજ્ઞાનિક અનુસાર, ICMR વેક્સિન પોર્ટલમાં COVID-19 વેક્સિન, ભારતની પહેલ, સામાન્ય જનતા માટે આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠી અને હંમેશા પૂછાતા પશ્નો (જે પ્રાદેશિક ભાષામાં રજૂ કરવામાં આવશે) જેવા સેક્શન હશે. વેક્સિન પોર્ટલકોરોના વેક્સિન સાથે સંબંધિત જાણકારીને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનથી પોતાની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવશે.

### શહેરમાં કોરોનાનો પગપેસારો ફેલાતો અટકાવવા એ.એમ.સી.નો મોટો નિર્ણય

# અમદવાદમાં ૨૭ વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ તાળાબંધી



*અમદાવાદ,તા.૨૮*

અમદાવાદમાં કોરોના વાયરસના પગપેસારાને ફેલાતો અટકાવવા માટે ઓફિસર ઓન સ્પેશિયલ (OS) ડ્યૂટી ડૉ.રાજીવ ગુપ્તા દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ અમદાવાદ શહેરના ૨૭ વિસ્તારોમાં રાત્ર ૧૦.૦૦ વાગ્યા પછી કોઈ પણ દુકાન ખુલ્લી નહીં રહે જેમાં દવાની દુકાનો અપવાદ છે. અમદાવાદમાં કેફે અને રેસ્ટોરાંના એપી.સેન્ટર ગણાતા આ રંગીલા વિસ્તારોમાં યુવાનોના ટોળાઓ જામતા હોવાની રાવ ઉઠી હતી અને તેના કારણે કોરોનાનો ફેલાવો વધી રહ્યો હતો.

જોકે, વધુ સ્થિતિ વણસે તે પહેલાં ગુપ્તાએ એક જોતા લૉકડાઉનનો એક નિયમ પકડીને તેને લાગુ કરી દીધો છે. દેશમાં અનલૉક ૫.૦૦ લાગુ થાય તે પહેલાં અમદાવાદમાં રાત્રે આ વિસ્તારોમાં ભીડ એકઠી ન કરવા દેવાની કવાયત શરૂ થઈ ગઈ છે. આજે બહાર પાડેલા એક આદેશમાં ડૉ.ગુપ્તાએ આ વિસ્તારોના નામ પણ આપી દીધા છે.

આજે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે આવેલી કચેરીમાં યોજાયેલી બેઠકમાં પાલિકાના કમિશનર મુકેશ કુમાર અને જુદા જુદા પદાધિકારીઓની હાજરીમાં ડૉ.ગુપ્તાએ આ નિર્ણય કર્યો છે. જેમાં કોવિડની ગાઇડલાઇન ભંગ થતી હોવાના કારણે આ વિસ્તારોમાં દુકાનો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૫ દિવસ પહેલા પણ ડો.રાજીવ ગુપ્તાએ આ આ અંગે સંકેત આપતા કહ્યું હતું કે, અમદાવાદ શહેરમાં જાણવા મળ્યું છે કે કેટલાક લોકો જાહેરમાં માસ્ક પહેરવાનું ટાળે છે અથવા તો ખોટી રીતે માસ્ક પહેરે છે અને સોશિયલ ડિસ્ટન્સિગનો પણ ભંગ કરતા હોવાનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ધ્યાનમાં આવ્યું છે. શહેરમાં ખાસ કરીને સિંધુ ભવન રોડ, પ્રહલાદનગર, એસ.જી.હાઈવે અને રિંગ રોડ પર સાંજે યુવાનોના મોટા ટોળા દેખાય છે. માસ્ક વગર અને સોશિયલ ડિસ્ટન્સિગનો ભંગ કરતા આ યુવાનોને ખાસ અપીલ છે કે, તેમના ઘરમાં રહેતા તેમના માતા-પિતા અને બીજા વયોવૃદ્ધ લોકોની સલામતી માટે માસ્ક પહેરે અને મોટા ગ્રુપમાં સોશિયલ ડિસ્ટન્સિગને જાળવે અને સાથે ગ્રુપમાં ખાવાનું પણ ટાળે. કોરોનાને અટકાવવા માટે યુવા વર્ગનો સહકાર ખૂબ જ આવશ્યક છે. અમદાવાદના બધા શહેરીજનો માસ્ક પહેરે અને સોશિયલ ડિસ્ટન્સિગ જાળવે જેથી કોરોના સંક્રમણને ફેલાતા અમે અટકાવી શકીએ.

### આ વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ દુકાનો રહેશે બંધ

૧. પ્્રહલાદનગર રોડ
૨. YMCAથી કાકે દા ઢાબા (કર્ણાવતી ક્લબ રોડ)
૩. બુટભવાની મંદિરથી આનંદનગર રોડ
૪. પ્રહલાદનગર ગાર્ડનથી પેલેડિયમ સર્કલ (કોર્પોરેટ રોડ)
૫. એસજી હાઈવે
૬. ઈસ્કોન ક્રોસ રોડથી શપથ ૪-૫ સર્વિસ રોડ
૭. સિંધુ ભવન રોડ
૮. બોપલ-આંબલી રોડ
૯. ઈસ્કોનથી બોપલ-આંબલી રોડ
૧૦. ઈસ્કોન-આંબલી રોડથી હેબતપુર રોડ વચ્ચેનો વિસ્તાર
૧૧. સાયન્સ સિટી રોડ
૧૨. શીલજ સર્કલથી સાયન્સ સિટી સર્કલ સુધી ૨૦૦ ફૂટના એસપી રિંગ રોડ ઉપર
૧૩. આંબલી સર્કલથી વૈષ્ણોવદેવી સર્કલ સુધી ૨૦૦ ફૂટના એસપી રિંગ રોડ ઉપર
૧૪. સીજી રોડ
૧૫. લો ગોર્ડન ( ચાર રસ્તા-હેપી સ્ટ્રીટ, મ્યુનિસિપલ માર્કેટ, પંચવટી સર્કલ)
૧૬. વસ્ત્રાપુર તળાવના ફરતે
૧૭. માનસી સર્કલથી ડ્રાઈવ-ઈન રોડ
૧૮. ડ્રાઈવ ઈન રોડ
૧૯. ઓનેસ્ટથી શ્યામલ ક્રોસ રોડ (પ્રહલાદનગર ૧૦૦ ફૂટ રોડ)
૨૦. શ્યામલ બ્રિજથી જીવરાજ ક્રોસ રોડ
૨૧. બળિયાદેવ મંદિરથી જીવરાજ ક્રોસ રોડ
૨૨. IIM રોડ
૨૩. શિવરંજનીથી જોધપુર ક્રોસ રોડ (BRTS કોરિડોરની બંને બાજુ)
૨૪. રોયલ અકબર ટાવર પાસે
૨૫. સોનલ સિનેમા રોડથી અંબર ટાવરથી વિશાલા સર્કલ
૨૬. સરખેજ રોઝા-કેડિલા સર્કલ-ઉજાલા સર્કલ
૨૭. સાણંદ ક્રોસ રોડ-શાંતિપુરા ક્રોસ રોડ

### કુલ મૃત્યુઆંક ૯૫૫૪૨એ પહોંચ્યો, એક્ટિવ કેસ ૯.૬૨ લાખ

## દેશમાં કોરોનાના કુલ કેસ ૬૦ લાખને પાર

*ન્યુ દિલ્હી,તા.૨૮*

દેશમાં કોરોનાના દર્દીઓના આંકડા ઝડપથી વધી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓના આંકડો ૬૦ લાખને પાર થઇ ગયો છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૮૨૧૭૦ નવા કેસ સામે આવ્યા, જયારે ૧૦૩૯ લોકોનું આ સંક્રમણથી મોત થયું. જો આ જ રફતાર રહી તો ભારત ટૂંક સમયમાં જ અમેરિકાને પાછળ છોડી દેશે.

વાત એમ છે કે દેશમાં હવે કોરોનાના દર્દીઓનો આંકડો ૬૦,૭૪,૭૦૩ થઇ ગયો. તેમાંથી એક્ટિવ દર્દી ૯૬૨૬૪૦ છે. ૫૦,૧૬,૫૨૧ દર્દી સ્વસ્થ થઇ ચૂકયા છે. કોરોનાથી અત્યાર સુધીમાં દેશમાં ૯૫૫૪૨ લોકોના મોત થઇ ચૂકયા છે. તો અમેરિકામાં અત્યાર સુધીમાં ૭૩ લાખથી વધુ કેસ સામે આવી ચૂકયા છે અને ૨ લાખથી વધુ લોકોના મો થઇ ચૂકયા છે. ૪૫ લાખથી વધુ દર્દી સાજા થઇ ચૂકયા છે.૧ સપ્ટેમ્બર સુધી અમેરિકામાં ૬૧ લાખ કોરોના કેસ હતા જયારે ભારતમાં ૩૮ લાખની નજીક ૨૩ લાખનું અંતર હતું. ૨૬ સપ્ટેમ્બર સુધીમાં અંતર ઘટીને માત્ર ૧૩ લાખ રહ્યું. ભારતમાં દરરોજ ૮૦૦૦૦થી વધુ કેસ સામે આવી ચૂકયા છે. જયારે અમેરિકામાં દરરોજ અંદાજે ૩૫૦૦૦ કેસ સામે આવી રહ્યા છે.

ભારત માટે સારી વાત એ છે કે અહીં કોરોનાથી સાજા થનારનો આંકડો ૫૦ લાખને પાર કરી ગયો છે. એટલે કે કોરોનાથી રિકવરી રેટ ૮૦ ટકાથી વધુ છે. તો અમેરિકામાં અત્યાર સુધી ૭૩ લાખમાંથી ૪૫ લાખ લોકો સાજા થઇ ગયા છે. એટલે કે અમેરિકાની તુલનામાં ભારતનો રિકવરી રેટ ઘણો સારો છે.દેશમાં કોરોના વાયરસથી સૌથી વધુ અસરગ્રસ્ત ૫ રાજયોમાં પોઝિટિવ સંકેત મળી રહ્યા છે. આ રાજયોમાં કોરોનાની ઇ વેલ્યુ ૧થી નીચે આવી ગઈ છે. ઇ વેલ્યુ એવા લોકોની સંખ્યાને દર્શાવે છે જે કોઈ કોવિડ પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવીને સંક્રમિત થઈ શકે છે. દેશના પાંચ મોટા રાજયો જેમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ઇ કેસની વેલ્યુ ૧ કરતા પણ ઓછી હોવાથી એક્ટિવ કેસોની સંખ્યા ઘટવા લાગી છે.

ચેન્નાઈના ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેથેમેટિકલ સાઈન્સિસ (IMS) મુજબ ૧૯ સપ્ટેમ્બર પછી ભારતની ઇ વેલ્યુ ઘટીને ૦.૯ ૫૨ આવી ગઈ છે. તે પહેલાના અઠવાડિયામાં આ વેલ્યુ ૧.૧ હતી. ૧૯ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બરની વચ્ચે પાંચ રાજયો- મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં ઇ વેલ્યુ ૧ કરતા ઓછી નોંધાઈ છે. જોકે, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં હવે તેના આંકડાઓ વધવા લાગ્યા છે. સૌથી અસરગ્રસ્ત પાંચ રાજયોમાં ૧૮થી ૨૧ સપ્ટેમ્બરની વચ્ચે આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશની ઇ વેલ્યુ એકની નીચે રહી છે. મુંબઈની ઇ વેલ્યુ ઘટી હતી પરંતુ ફરીથી વધી ગઈ. એ જ રીતે, ચેન્નાઇ, બેંગલુરુ અને કોલકાતાની આર વેલ્યુ પણ એકની ઉપર જતી રહી છે. જો કે, નવા કેસો જે રીતે વધુ રિકવરી મેળવી રહ્યા છે તેને જોતા અપેક્ષાઓ વધી છે કે જો ભારત એક્ટિવ કેસની સંખ્યાને નિયંત્રિત કરવામાં આવે તો ઇ વેલ્યુ પણ નીચે આવશે.

## નાસાની અવકાશયાત્રી અવકાશમાંથી મતદાન કરશે

*એટલાન્ટા,તા.૨૮*

પૃથ્વીથી ૨૦૦ માઈલ ઊંચે અવકાશમાંથી નાસાની અવકાશયાત્રી કેટે રુબીન્સ મતદાન કરવાની છે.

કેટેએ જણાવ્યું હતું કે મને લાગે છે કે દરેક નાગરિકે મતદાન કરવું જોઈએ. જો અમે અવકાશમાંથી મતદાન કરી શકીએ, તો પૃથ્વી પરથી તો લોકો કરી જ શકે.

અમારી લોકશાહીમાં ભાગ લેવો મહત્ત્વની બાબત છે. અવકાશમાંથી મતદાન કરવાની બાબતનું ગૌરવ અમે અનુભવીએ છીએ.

કેટે હાલ રશિયાના મોસ્કોની બહાર સ્ટાર સિટિમાં અન્ય બે અવકાશયાત્રી સાથે તાલીમ લઇ રહી છે. તેઓ ઑક્ટોબરના મધ્યમાં અવકાશભણી પ્રયાણ કરશે અને ત્યાં તેઓ છ મહિના જેટલો સમય પરિક્ષણ માટે ગાળશે.

મોટાભાગના અમેરિકાના અવકાશયાત્રીઓ હ્યુસ્ટનમાં રહે છે અને ટેક્સાસનો કાયદો એમને અવકાશમાંથી સેક્યોર ઈલેક્ટ્રોનિક બેલોટ દ્વારા મતદાન કરવાની પરવાનગી આપે છે. મિશન કધટ્રોલ બેલોટને સ્પેસ સ્ટેશન પર મોકલે છે અને અવકાશયાત્રી પોતાનો મત આપે એટલે એ પાછો મતગણતરી કરતા કલર્ક સુધી પહોંચાડે છે. આ અગાઉ પણ નાસાના અવકાશયાત્રીએ મતદાન કર્યું છે. કેટે અને શાને કિમબ્રોએ અગાઉ પણ અવકાશમાંથી મતદાન કર્યું હતું.

## કૃષિ બિલના વિરોધમાં કોંગ્રેસ સાંસદે સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી

*ન્યુ દિલ્હી,તા.૨૮*

દેશભરના ખેડુતો દ્વારા કૃષિ બીલો પર વિરોધ ચાલુ છે. રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદે રવિવારે સંસદ દ્વારા પસાર કરાયેલા ૩ કૃષિ બિલ પર હસ્તાક્ષર કર્યા છે. દરમિયાન કોંગ્રેસે કૃષિ બિલ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. કેરળના કોંગ્રેસના સાંસદ ટી.એન.પ્રતાપને કૃષિ વિધેયકને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ગત સપ્તાહે પસાર થયેલા ખેડૂતોને લગતા બિલને પાછો ખેંચવા માટે સંસદ દ્વારા રિટ અરજી કરવામાં આવી છે.

કોંગ્રેસના સાંસદ ટી.એન.પ્રતાપે ખેડુતો (સશક્તિકરણ અને સંરક્ષણ) ભાવ ખાતરી અને ફાર્મ સેવાઓ અધિનિયમ, ૨૦૨૦ ના કરાર વિરુદ્ધ અરજી કરી છે. ટી.એન.પ્રતાપને સેક્શન ૩૨ ની કલમ ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૧૩, ૧૪, ૧૮ અને ૧૯ ની બંધારણીયતાને પડકાર ફેંક્યો છે. તેમનું કહેવું છે કે તે બંધારણના આર્ટિકલ ૧૪, ૧૫ અને ૨૧ ના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૪૦૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૩૪૬૨૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૨

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૩૧૬

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૧૪૫૫૬

## તંત્રી સ્થાનેથી...

# કૃષિ બિલોને કારણે કૃષિ અર્થતંત્રને ભારે નુકસાન થશે કે શું......? બિહાર ચૂટણીમાં કોરોનાની ઐસી કી તૈસી.....!?

દેશભરમાં કોરોના કેસોનો સતત વધારો થઈ રહ્યો છે. કોરોના સંક્રમિત કેસોનો આંક ૬૦,૬૬,૫૧૯ પર પહોંચી ગયો છે, તો કોરોના મારક રસી કે દવા દરેક દર્દી નથી પહોંચી છતાં ડોકટરોની સતત સારવારને કારણે ૫૦ લાખ ૪ હજારથી વધુ દર્દીઓ સાજા થઈ ગયા છે. આને મૃત્યુ આક ૯૫,૫૦૦ થવા તરફ આગળ વધી રહ્યો છે. તો રાજકીય પક્ષોના વિવિધ કાર્યક્રમો, મીટીંગોની અસર પર આમ પ્રજા ઉપર પડવા લાગતાં અનેક લોકો બેખૌફ બની માસ્ક પહેરતા નથી તો ડિસ્ટન્સની વાત જ ક્યાં રહી....? મોટાભાગના ખાણીપીણીના સ્થળો પર ભીડ વધવા લાગી છે તો માસ્ક અને ડિસ્ડન્સ પણ અહીં ખતમ થઈ જાય છે. ત્યારે કોરોનાની સાંકળ કઈ રીતે તૂટી શકશે.....? તેવો સવાલ આમ પ્રજામા ઉઠવા પામ્યો છે. આવા મહામારીના સમયમાં ચૂંટણી પંચે બિહાર રાજયની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો તે સાથે બિહારમાં ભાજપા,જેડીયુ, આરજેડી, કોંગ્રેસ પક્ષના પ્રદેશ કાર્યાલયો ઉપર પોતાના ટેકેદારો સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો ઉમટી પડ્યા હતા.... .જેમા અનેકોએ માસ્ક પહેર્યા ન હતા તો અનેકોના માસ્ક દાઢી પર લટકેલા હતા... અને ડિસ્ટન્સ જાળવવાના તો નદીયાં ઉડી ગયા હતા.... ટૂંકમાં ચૂંટણી પંચે કોરોના અનુસંધાને જાહેર કરેલી શરતો-નિયમોના બિહારમાં રાજકિય ક્ષેત્રે ઘોળીને પી જવાયા છે... છતાં ચૂંટણી પંચ કે તેની અંદરનું તંત્ર ચૂંટણીની કોરોના શરતોનુ પાલન કરાવવામાં હજુ સુધી પગલા લઈ શક્યુ નથી.....! તો જે તે રાજકીય પક્ષો પણ આ બાબતે પોતાના ઉમેદવારો કે તેમના ટેકેદારોને માસ્ક,ડિસ્ટન્સ વગેરેનું પાલન કરાવવામાં આવે આડા કાન કરી દીધા છે.....! પછી પ્રજામાં સંદેશો કેવો જશે.....? અને તેમાં પણ જો કોરોના સંક્રમિતોની સંખ્યા વધી જશે તો આમ પ્રજા, નાના વેપારીઓ-ધંધાર્થીઓના દિવાળીના તહેવારોની હોળી થઈ શકે.... તેમાં બેમત નથી....!

ખેડૂત બિલના વિરોધમાં ભાજપાના સાથી પક્ષ અકાલી દળ સહિત ૧૮ જેટલા રાજકીય પક્ષોએ તથા ખેડૂતોએ કૃષિ બિલો પર સહી ન કરવા રાષ્ટ્રપતિને વિનંતી કરી હતી....છતા રાષ્ટ્રપતિજીએ સહી કરીને કૃષિ બિલોને મંજૂરી આપી દીધી તેના રાજકીય ક્ષેત્ર ઘેરા પ્રત્યાઘાત પડયા છે. પરંતુ ખેડૂતોમાં ભારે આક્રોશ અને વિરોધ છે તેમાં પણ અકાલી દળના સાંસદ કેન્દ્રીય મંત્રી પદેથી રાજીનામું આપવા સાથે એનડીએની અકાલી દળે છેડો ફાડી નાખતા તેના આકરા પ્રત્યાઘાત પડયા છે. સમજદાર લોકો સવાલ કરે છે કે આમ પ્રજા નોટબંધીના કારણે પીડા ભોગવી રહ્યા છે અને દેશભરમાં કોરોનાએ વરવુ રૂપ ધારણ કર્યુ છે ત્યારે કેન્દ્ર સરકારને આ બિલો મંજુર કરવાની ઉતાવળ કેમ આવી ગઈ.....? જયારે કે અકાલી દળના વિરોધને લઈને રાજ્યસભામા આ કૃષિ બિલો પસાર થઈ શકે તેમ ન હતા.....! એટલે ધ્વનિ મતનો ઉપયોગ કરાયો છે તો આ કેટલું યોગ્ય છે.....? રાજકીય તજજ્ઞો અને અનાજ બજારના નિષ્ણાતોનું માનવું છે કે કૃષિ અર્થતંત્રને અને ખેડૂત વર્ગને મોટું નુકસાન થશે....! હવે આ બિલો કાયદો બની ગયો છે એટલે વચેટીયાઓ દુર થઈ જશે પણ દલાલોનો રાફડો ફાટશે.....! અને તેની મોટી અસર કૃષિ ઉત્પાદનોની કિંમતો પર થશે.... સંગ્રહખોરો અને મોટા વેપારીઓને લાભ થશે... આમ પ્રજાના રસોડે રાડ પડશે તે નિશ્ચિત છે.....! ખેડૂત બિલનો મોટો વિરોધ પંજાબ, હરિયાણા,ઉત્તર પ્રદેશમાં ચાલી રહ્યો છે. હવે ખેડૂત મહિલાઓ પણ મેદાનમાં આવી ગઈ છે. પંજાબ જતી આવતી તમામ ટ્રેનો બંધ કરવાની સરકારને ફરજ પડી છે. તો દેશભરના વિવિધ ખેડૂત સંગઠનો એકજૂટ થઈને સરકાર સામે આંદોલન કરવાનો મનસૂબો બનાવી લીધો છે.... ત્યારે હવે સમય જ બતાવશે કે પ્રજા ક્યાં છે....?

# સિરિયલ 'બાલિકા વધુ'ના ડાયરેક્ટર શાકભાજી વેચવા થયા મજબૂર

મુંબઈ,તા.૨૮

કોરોના વાયરસને કારણે ૬ મહિનાથી પણ વધારે સમય સુધીના લોકડાઉને ભારતની અર્થવ્યવસ્થાની કમર ભાંગી નાખી છે. કરોડો લોકો બેરોજગાર થઈ ગયા, જીડીપી માઈનસ ૨૩ પહોંચી ગઈ છે. તેની અસર ટીવી ઉદ્યોગ પર પણ પડી રહી છે. બાલિકા વધુ, કુછ તો લોગ કહેંગે જેવી જાણીતી ટીવી સિરિયલના ડાયરેક્ટર રામવૃક્ષ ગૌડ પરિવારનું જતન કરવા માટે શાકભાજી વેચીને દિવસો કાઢી રહ્યા છે. આઝમગઢ જિલ્લાના નાઝામાબાદ વિસ્તારના ફરિહાબાદના રહેવાસી છે. રામવૃક્ષ ૨૦૦૨માં પોતાના મિત્ર સાહિત્યકાર શાહનવાઝ ખાનની મદદથી મુંબઈ પહોંચ્યા હતા. તેમણે ફિલ્મ ઉદ્યોગમાં ખુદને સ્થાપિત કરવા માટે ઘણી મેહનત કરી. પહેલા લાઈટ વિભાગમાં કામ કર્યુ, ત્યાર બાદ ટીવી પ્રોડક્શનમાં નસીબ અજમાવ્યું અને ધીમે ધીમે અનુભવ વધ્યો તો ડાયરેક્શન કરવાની તક મળી. ડાયરેક્શનનું કામ રામવૃક્ષને પસંદ આવ્યું અને તેમણે આ જ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવાનો નિર્ણય કર્યો. પહેલા અનેક સીરિયલના પ્રોડક્શનમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે કામ કર્યું બાદમાં એપિસોડ ડાયરેક્ટર, યૂનિટ ડાયરેક્ટરનું કામ કર્યું, ત્યાર બાદ તેમણે ક્યારેય પાછળ વળીને નથી જોયું. રામવૃક્ષ કહે છે કે, બાલિકા વધુમાં યૂનિટ ડાયરેક્ટર તરીકે કામ કર્યું, ત્યાર બાદ ઈસ પ્યાર કો ક્યા નામ દું, કુછ તો લોગ કહેંગે, હમાર સૌતન હમાર સહેલી, ઝટપટ ચટપટ, સલામ જિંદગી, હમારી દેવરાની, થોડી ખુશી થોડા ગમ, પૂરબ પશ્ચિમ, જૂનિયર જી જેવી સીરિયલમાં પણ તેમને કામ કરવાની તક મળી. રામવૃક્ષે કહ્યું કે, મુંબઈમાં તેનું પોતાનું મકાન છે, પરંતુ બે વર્ષ પહેલા બીમારીને કારણે તેમનો પરિવાર ઘરે આવી ગયો હતો. લોકડાઉન લાગ્યા બાદ તે મુંબઈ પરત ન ફરી શક્યા. કામ બંધ થયું તો આર્થિક સંકટ ઉભું થયું. પ્રોડ્યૂસર સાથે વાત કરી તો તેમણે કહ્યું કે, પ્રોજેક્ટ પર એક દોઢ વર્ષ બાદ જ કામ શરૂ થઈ શકશે. બાદમાં તેમણે પિતાનો જ કારોબાર અપનાવવાનો નિર્ણય કર્યો અને આઝમગઢ શહેરના હરબંશપુરમાં ડીએમ આવાસની નજીક રસ્તા પર શાકભાજી વેચવા લાગ્યા. તેનાથી પરિવારનું ભરણપોષણ સરળતાથી થઈ જાય છે.

# સરહદે તણાવ વચ્ચે ભારતે ખતરનાક નિર્ભય મિસાઇલ તૈનાત કરી

ન્યુ દિલ્હી,તા.૨૮

LAC પર છેલ્લા ૫ મહિનાથી ચાલી રહેલી તંગદીલી વચ્ચે ભારતની સેનાની તાકાતને વધુ બળ મળ્યું છે, ભારતે સરહદે નિર્ભય ક્રુઝ મિસાઇલને પણ તૈનાત કરી છે, આ મિસાઇલ એક હજાર કિમી સુધી પ્રહાર કરવાની ક્ષમતા છે, નિર્ભય મિસાઇલ તિબેટમાં સ્થિત ચીનનાં મથકો પર હુમલો કરવા સક્ષમ છે.

આ મિસાઇલની ક્ષમતા અમેરિકાની પ્રખ્યાત ટોમહોક મિસાઇલની બરોબર છે, આ મિસાઇલ ભટ્યા વગર પોતાના નિશાન પર અચુક પ્રહાર કરે છે, નિર્ભય ક્રુઝ મિસાઇલ ભારતમાં જ ડિઝાઇન અને તૈયાર કરવામાં આવી છે, આ મિસાઇલનું સૌપ્રથમ પરિક્ષણ ૧૨ માર્ચ ૨૦૧૩માં કરાયું હતું, નિર્ભય બે તબક્કાવાળી મિસાઇલ છે, પહેલામાં લાંબું અંતર અને બીજામાં ક્ષિતિજ. આ પરંપરાગત રોકેટની જેમ સીધું આકાશમાં જાય છે, અને ફરી બીજા તબક્કામાં ક્ષિતિજ ઉડાન ભરવા માટે ૯૦ ડિગ્રીનો વળાંક લઇ શકે છે. આ મિસાઇલ ૬ મિટર લાંભી અને ૦.૫૨ મીટર પહોળી છે, તે ૦.૬ થી લઇને ૦.૭ મૈકની ઝડપે ઉડી શકે છે, તેનું મહત્તમ વજન ૧૫૦૦ કિલોગ્રામ છે, જે ૧૦૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરી શકે છે, એડવાન્સ લેબોરેટરી દ્વારા બનાવવામાં આવેલા નક્કર રોકેટ મોટર બુસ્ટરનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જેનાથી મિસાઇલને ઇંધણ મળે છે.

ચીન સાથે વધેલા ટેન્સન દરમિયાન ભારત સતત તેના ઘાતક હથિયારો તૈનાત કરી રહ્યું છે. આ પહેલા દુનિયાનાં સૌથી અચુક ટેક્ક મનાતા ટી-૯૦ ભીષ્મ ટેક્કને તૈનાત કરાયા હતા, ટી-૯૦ ભીષ્મ ટેક્કમાં મિસાઇલ હુમલો રોકનારૂ ક્વચ છે, તેમાં શક્તિશાળી ૧ હજાર હોર્સ પાવરનું એન્જિન છે,તે એક જ વખતમાં ૫૫૦ કિમીનું અંતર કાપવામાં સક્ષમ છે, તેનું વજન ૪૮ ટન છે, આ દુનિયાની સૌથી હલ્કી ટેક્કો પૈકીની એક છે, ટી-૯૦ ભીષ્મ ટેક્ક દિવસ અને રાતમાં દુશ્મન સામે લડવાની ક્ષમતા રાખે છે.

## પશ્ચિમ બંગાળમાં ક્લઈકુંડા એરફોર્સ સ્ટેશન પર તૈનાત કરાશે

# ઓક્ટોબરમાં બીજી બેંચના વધુ પાંચ રાફેલ ભારત પહોંચશે

ન્યુ દિલ્હી,તા.૨૮

ફ્રાંસે ભારતને વધુ પાંચ રાફેલ જંગી વિમાન સોંપી દીધા છે. ઓક્ટોબરમાં બીજી બેચના આ પાંચ રાફેલ વિમાન ભારત પહોંચશે. આને પશ્ચિમ બંગાળમાં કલઈકુંડા એરફોર્સ સ્ટેશન પર તૈનાત કરવામાં આવશે. જે ચીન સાથે લાગેલી પૂર્વી સરહદની સુરક્ષા કરશે.



રાફેલની પહેલા બેચમાં સામેલ પાંચ વિમાનોને ૧૦ સપ્ટેમ્બરે એક ઔપચારિક કાર્યક્રમ દરમિયાન ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા હતા. રાફેલની તૈનાતી અંબાલા એરફોર્સ સ્ટેશન પર કરવામાં આવી છે. રાફેલનો અફઘાનિસ્તાન, લીબિયા, માલી અને ઈરાકમાં ઉપયોગ કરાઈ ચૂક્યો છે અને હવે ભારત પણ ઉપયોગ કરશે. ૪.૫ ફોર્થ જનરેશનના ફાઈટર જેટ રાફેલ આરબી-૦૦૧થી ૦૦૫ સીરિઝના હશે.

અંબાલા એરફોર્સ સ્ટેશનમાં રાફેલની તૈનાતી માટે એક એવી સ્કવાડ્રનને જીવિત કરવામાં આવી છે, જેણે એરફોર્સે સમાપ્ત કરી દીધો હતો. આ સ્કવાડ્રનનું નામ છે ૧૭ ગોલ્ડન એરો. ગયા વર્ષે વાયુસેનાના પૂર્વ અધ્યક્ષ બીએસ ધનોઆએ આને જીવિત કરી હતી અને હવે આ સ્કવાડ્રન અંબાલામાં રાફેલની કમાન સંભાળી રહ્યા છે.

આમ તો આ સ્કવાડ્રનની રચના ૧ ઓક્ટોબર ૧૯૫૧માં કરવામાં આવી હતી પરંતુ મિગ-૨૧ વિમાનોના બેડાથી બહાર હોવાની સાથે-સાથે વર્ષ ૨૦૧૬માં આ સ્કવાડ્રનને પણ સમાપ્ત કરી દીધા હતા. હવે આ ગૌરવશાળી સ્કવાડ્રનને સૌથી જોખમી યુદ્ધ વિમાન રાફેલ માટે ફરીથી વઝૂદમાં લાવવામાં આવ્યા છે.

રાફેલ એરક્રાફ્ટ સરહદ પાર કર્યા વિના દુશ્મનના ઠેકાણાને નેસ્તનાબૂદ કરવાની ક્ષમતા રાખે છે. એર સ્પેસ વિના બોર્ડર ક્રોસ કરવામાં આવેલા રાફેલ પાકિસ્તાન તરફ અને ચીનની અંદર ૬૦૦ કિલોમીટર સુધીના ટારગેટને સમગ્ર રીતે પ્રભાવિત કરવાની ક્ષમતા રાખે છે.

અંબાલાથી ૪૫ મિનિટમાં બોર્ડર પર રાફેલની તૈનાતી અને ફરી ત્યાંથી ટારગેટ લોકેટ કરીને પાકિસ્તાન અને ચીનમાં ભારે તબાહીની વ્યવસ્થા ઈન્ડિયન એરફોર્સે કરી દીધી છે. એર-ટુ-એર અને એર-ટુ-સરફેસ મારક ક્ષમતામાં સક્ષમ રાફેલની રેન્જ આમ તો ૩૭૦૦ કિલોમીટર બતાવવામાં આવી રહી છે.

# ટીકટોકને અમેરિકામાં રાહતઃ પ્રતિબંધના આદેશ પર કોર્ટનો સ્ટે

વૉશિંગ્ટન,તા.૨૮

ચીનની એપ ટીક ટૉક અમેરિકામાં પ્રતિબંધિત થાય એ પહેલાં અમેરિકાની ફેડરલ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ સામે સ્ટે ઓર્ડર આપી દીધો હતો. ટીક ટૉક પર બૅન લદાય એના માત્ર ચાર કલાક પહેલાં કોર્ટે આ આદેશ આપી દીધો હતો. ચીનની આ એપ દુનિયાના મોટા ભાગના દેશોની જેમ અમેરિકામાં પણ ખૂબ લોકપ્રિય હતી. છેલ્લા થોડા સમયથી અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા તનાવના પગલે અમેરિકાએ ટીક ટૉક સહિત કેટલીક ચીની એપ્સ ૫ બૅન લાદવાની જાહેરાત કરી હતી. આ બૅન અમલમાં આવે એના ફક્ત ચાર કલાક પહેલાં અમેરિકાની ફેડરલ કોર્ટે એની સામે સ્ટે આપતો આદેશ આપ્યો હતો. રવિવારે થયેલી સુનાવણી દરમિયાન ફેડરલ કોર્ટના ન્યાયમૂર્તિએ એવો અભિપ્રાયય વ્યક્ત કર્યો હતો કે ગયે મહિને ઓનલાઈન સ્ટોરમાંથી આ એપને પ્રતિબંધિત કરવા અગાઉ એની સંચાલક કંપનીને એનો બચાવ કરવાની પૂરતી તક આપવામાં આવી નહોતી. પ્રમુખ ટ્રમ્પે કરેલો નિર્ણય એકપક્ષી હતો. વાદી (અરજદાર) પક્ષને પોતાની વાત કહેવાની પૂરતી તક આપવામાં આવી નહોતી.

પ્રમુખ ટ્રમ્પે ઑગષ્ટની છઠ્ઠીએ રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાને આગળ કરીને શોર્ટ વિડિયો એપ ટીક ટૉક અને એક કરતાં વધુ ઉદ્દેશ ધરાવતી વી ચેટ એપ્સ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી હતી. અમેરિકી વેપાર વાણિજય મંત્ર્યાલયના પ્રવક્તાએ કહ્યું કે અમે કોર્ટના આદેશનું જરૂર પાલન કરીશું પરંતુ પ્રમુખે આપેલો આદેશ કાયદેસરનો હતો અને એનો હેતુ રાષ્ટ્રીય સુરક્ષાનાં હિતોને પ્રોત્સાહન આપવાનો હતો. અમે કાનૂની પડકારો દ્વારા આ ચુકાદા સામે દ્રઢતાથી પ્રમુખના આદેશનો બચાવ કરીશું.

# બિહાર ચૂંટણીઃ તેજપ્રતાપ યાદવ સામે પત્ની ઐશ્વર્યા ચૂંટણી લડે તેવી સંભાવના

ન્યુ દિલ્હી,તા.૨૮

બિહારની વિધાનસભા ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ નીત નવા ખેલ ખેલાઈ રહેલા જોવા મળે છે. રાજદ પ્રમુખ લાલુ યાદવના પુત્ર તેજ પ્રતાપ યાદવ સામે ચૂંટણી લડવાની જાહેરાત એની પત્ની ઐશ્વર્યાએ કરી હતી. આ દંપતી વચ્ચેનો અણબનાવ તો જગજાહેર છે. હવે બંને એકબીજાની સામે ચૂંટણી લડવાના છે.

તેજ પ્રતાપ યાદવ હસનપુર બેઠક પરથી રાજદના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો છે. ત્નદ્ધેંએ એની સામે એની પત્ની ઐશ્વર્યાને ઊભી રાખવાની જાહેરાત કરી હતી. ઐશ્વર્યા શ્વસુર પક્ષ તરફથી પીડિત મહિલા તરીકે ચૂંટણી લડશે. અત્યારે હસનપુર બેઠક ત્નદ્ધેંના હાથમાં છે. અહીં રાજકુમાર રાય જદયુના ધારાસભ્ય છે, ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં રાજકુમાર રાય વિજેતા થયા હતા. જો કે એ સમયે જદયુ અને રાજદ વચ્ચે સમજૂતી થઈ હતી એટલે રાય સહિયારા ઉમેદવાર હતા.

# સકારાત્મક સંકેતોથી શેરબજારમાં ઉછાળોઃ સેન્સેક્સ ૫૯૨ અંક પ્લસ

મુંબઈ,તા.૨૮

સ્થાનિક શેરબજાર આજે બંધ થતા પણ ઉછાળો જોવા મળ્યો છે. તેથી માર્કેટમાં ખુશી છવાઈ છે. જેમાં સેન્સેક્સ +૫૯૨.૯૭ પોઈન્ટ એટલે ૧.૫૯% ટકાના વધારા સાથે ૩૭,૯૮૧.૬૩ પર બંધ થયો છે. તેમજ નિફ્ટી +૧૭૭.૩૦ પોઈન્ટ એટલે ૧.૬૦%ટકાના વધારા સાથે ૧૧,૨૨૭.૫૫ પર બંધ રહી છે.

દિગ્ગજ શેરની વાત કરીએ તો આજે ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, એક્સિ બેંક, ઓનજીસી અને ટાટા મોટર્સના શેર લીલા નિશાન સાથે બંધ થયા છે. તેમજ વિપ્રો, હિન્દુસ્તાન યુનિલીવર, નેસ્લે ઈન્ડિયા અને ઈન્ફોસિસના શેર લાલ નિશાન પર બંધ થયા છે.

સેક્ટોરિયલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો બધા સેકટરો લીલા નિશાન સાથે બંધ થયા છે. તેમાં ફાઈનાન્સ સર્વિસીઝ, બેંક, પ્રાઈવેટ બેંક, એફએમસીજી, રિયાલ્ટી, આઈટી, ફાર્મા, ઓટો, મીડિયા, પીએસયુ બેંક અને મેટલ શામેલ છે.સેન્સેક્સ પર ઈન્ડસઈન્ડ બેક્ક, બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેક્ક, પાવર ગ્રીડ કોર્પ, ONGC સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. ઈન્ડસઈન્ડ બેક્ક ૭.૮૫ ટકા વધીને ૫૫૪.૯૫ પર બંધ રહ્યો હતો. બજાજ ફાઈનાન્સ ૬.૨૯ ટકા વધીને ૩૩૩૫.૭૫ પર બંધ રહ્યો હતો. જોકે HUL, ઈન્ફોસિસ, નેસ્લે સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. HUL ૦.૬૬ ટકા ઘટીને ૨,૦૬૪.૧૦ પર બંધ રહ્યો હતો. ઈન્ફોસિસ ૦.૧૫ ટકા વધીને ૧,૦૦૯.૫૦ પર બંધ રહ્યો હતો.

આજના ટોપ ૫ ગેનર્સમાં ૩ ફાઈનાન્સ કંપનીઓ હતી. ઈન્ડસિન્ડ બેંક ૮%, બજાજ ફાઈનાન્સ ૬.૩૦%, એક્સિસ બેંક૬% ઉંચકાયા છે. જોકે સામે પક્ષે આજે HUL પોણો ટકો ડાઉન હતો. સેન્સેકસના ૩૦માંથી ૨૭ શેર પોઝીટીવ બંધ આવ્યા છે. ICICI બેંકે આજની બજારની તેજીમાં સૌથી વધુ યોગદાન આપ્યું હતુ. ICICIએ ૯૧ અંક અને એક્સિસ બેંકે ૫૮ અંકોનો સહારો આપ્યો છે.

## આ સંપૂર્ણપણે ફેક સમાચાર છેઃ ટ્રમ્પ

# ૨૦૧૬-૧૭માં ટ્રમ્પે માત્ર ૭૫૦ ડોલર જ ટેક્સ ભર્યોઃ ન્યૂયોર્ક ટાઈમ્સનો ખુલાસો

વૉશિંગ્ટન,તા.૨૮

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પહેલે વર્ષે ફક્ત ૭૫૦ ડૉલરનો ફેડરલ ઈક્રમ ટેક્સ ભર્યો હતો એવો સનસનાટી ભર્યો અહેવાલ ન્યૂયોર્ક ટાઈમ્સે એના અંકમાં પ્રગટ કર્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સે લખ્યું હતું કે પોતે કેટલો ઈક્રમ ટેક્સ ભરે છે એ વિગતો જાહેર નહીં કરનારા ટ્રમ્પ એક માત્ર અને પહેલા પ્રમુખ હતા.

જો કે હંમેશની જેમ ટ્રમ્પે આ અહેવાલને ફેક ન્યૂઝ કહીને ઊતારી પાડ્યો હતો પરંતુ પોતે કેટલો ઈક્રમ ટેક્સ ક્યારે ભર્યો એની વિગતો જાહેર કરી નહોતી.

ન્યૂયોર્ક ટાઈમ્સે પ્રગટ કરેલા અહેવાલમાં એવો દાવો કર્યો હતો કે છેલ્લાં પંદર વર્ષમાં ટ્રમ્પે એક પણ ફેડરલ ઈક્રમ ટેક્સ ભર્યો નથી. રાષ્ટ્રપતિપદના ઉમેદવા તરીકે ટ્રમ્પે પોતાને અબજોપતિ રિયલ એસ્ટેટ બ્રોકર અને ટોચના વેપારી તરીકે રજૂ કર્યા હતા. વાસ્તવમાં એ કોઈ ઈક્રમ ટેક્સ ભરતા નહોતા. વ્હાઈટ હાઉસમાં એક પત્રકાર પરિષદ દરમિયાન કોઈ પત્રકારે ન્યૂયોર્ક ટાઈમ્સના આ અહેવાલ અંગે પ્રશ્ન પૂછતાં ટ્રમ્પે ઠંડે કલેજે કહી દીધું, ઈટ્સ ફેક ન્યૂઝ. જો કે પોતે કેટલો ઈક્રમ ટેક્સ ભરે છે એ વિશે તેમણે કોઈ ખુલાસો કર્યો નહીં.

ન્યૂયોર્ક ટાઈમ્સે પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે છેલ્લાં દસ વર્ષના ટ્રમ્પના ઈક્રમ ટેક્સ રિટર્ન્સના આંકડા મેળવ્યા બાદ અમે આ રિપોર્ટ પ્રગટ કર્યો હતો. આ અહેવાલ એવા સમયે પ્રગટ થયો હતો જ્યારે આવતી કાલે મંગળવારે રાષ્ટ્રપ્રમુખપદના ઉમેદવારો વચ્ચે ચર્ચા થવાની છે અને થોડાં સપ્તાહો બાદ ટ્રમ્પનો જો બીડેન સાથે નિર્ણાયક મુકાબલો થવાનો છે. અત્યાર અગાઉ ટ્રમ્પે કહ્યું હતું કે મારા ટેક્સીસ બાબત હું વિગતવાર ખુલાસો કરીશ. ૨૦૧૬ની ચૂંટણી વખતે પણ ટ્રમ્પે એવું વચન આપ્યું હતું પરંતુ પાછળથી તેમણે એ વચનનું પાલન કર્યું નહોતું. તેમના ઈક્રમ ટેક્સની માહિતી માગનારા લોકોને તેમણે કોર્ટમાં પડકાર્યા હતા. આવી માહિતી માગનારા લોકોમાં અમેરિકી સંસદનો પણ સમાવેશ થયો હતો. સંસદીય નિરીક્ષણના એક ભાગ રૂપે સંસદે આ માહિતી માગી હતી. જો કે ટ્રમ્પે આપી નહોતી.

# બેંગાલુરૂમાં દોડશે હાઈપર લૂપ ટ્રેન, એક કલાકનો પ્રવાસ દસ મિનિટમાં પૂરો કરશે

બેંગ્લુરુ,તા.૨૮

કર્ણાટકના લોકો માટે એક અનેરા ખુશખબર છે. ટૂંક સમયમાં બેંગાલુરુમાં હાઈપર લૂપના નામે ઓળખાતી કેપ્સ્યુલ આકારની મેગ્નેટિક ટ્રેન દોડતી થશે. આવી ટ્રેનો કલાકના ૧૩૦૦ કિલોમીટરની ઝડપે દોડતી હોય છે. એનો અર્થ એ કે એક કલાકનો પ્રવાસ આ ટ્રેન ફકત દસ મિનિટમાં પૂરો કરશે.

બેંગાલુરુ શહેરથી કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ વચ્ચેનું અંતર આ ટ્રેન માત્ર દસ મિનિટમાં પૂરૂં કરશે. ધ ન્યૂઝ મિનિટના એક અહેવાલ મુજબ અમેરિકાની ધ હાઈપર લૂપ કંપનીએ રવિવારે બેંગાલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ કંપની સાથે એક મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેંડિંગ (એમઓયુ) કર્યા હતા. આ હાઈપર લૂપ કોરિડોરની વ્યવહારુતા (ફિઝિબિલિટી સ્ટડી) તપાસવા માટેના આ એમઓયુ હતા. આ અભ્યાસ છ મહિનામાં બે તબક્કામાં પૂરો કરી દેવાની ધારણા હતી.

શરૂમાં આ ટ્રેન કલાકે ૧૦૮૦ કિલોમીટરની ઝડપે દોડશે. બેંગાલુરુ એરપોર્ટથી બેંગાલુરુ શહેરના હાર્દ સુધી આ ટ્રેન શરૂમાં દોડશે.બેંગાલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડના સીઈઓ અને મેનેજિંગ ડાયરેક્ટર હરિ મરારે કહ્યું હતું કે બેંગાલુરુ એરપોર્ટને પરિવહન હબ તરીકે વિકસાવવાના અને ભારતના નવા પરિવહન હબના પ્રવેશદ્વાર તરીકે સ્થાપવાના પ્રયાસ રૂપે અમે હાઈપર લૂપ લાવી રહ્યા છીએ. ગ્લોબલ પરિવહનની સાથે તાલ મિલાવવા આ એક મહત્ત્વનું પગલું હતું. માત્ર કર્ણાટક રાજ્ય નહીં, સમગ્ર દેશ માટે આ એક નવોન્મેષ હશે.

## ઈન્ડિયન ઈન્સિટ્યૂટ ઓફ ટેકનોલોજી મંડી દ્વારા કરાયેલ અભ્યાસમાં ખુલાસો

# દુબઈ-યુકેના પ્રવાસીઓને કારણે ભારતમાં કોરોના ઝડપથી ફેલાયો

ન્યુ દિલ્હી,તા.૨૮

દુબઈ અને બ્રિટનથી આવેલા પ્રવાસીઓને કારણે ભારતમાં કોરોનાની પરિસ્થિતિ વધુ વણસી હોવાનું ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી), મંડી દ્વારા કરાયેલા અભ્યાસમાં જણાવાયું હતું.

જરનલ ઓફ ટ્રાવેલ મેડિસિનમાં છપાયેલા આ અહેવાલમાં જણાવાયું હતું કે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને કારણે ભારતીય રાજયોમાં કોરાનાના દર્દીઓની સંખ્યામાં વધારો થયો હતો.

તમિળનાડુ, દિલ્હી અને આંધ્ર પ્રદેશના કોરોનાગ્રસ્ત દર્દીઓની કોરોના ફેલાવવાની ભૂમિકા બહુ ઓછી હતી, જયારે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કેરળ, જમ્મુ-કાશ્મીર, કર્ણાટકના દર્દીઓએ કોરોનાના ફેલાવામાં મહત્ત્વની



ભૂમિકા ભજવી હતી તથા અન્ય રાજયમાં પણ તેમને કારણે કોરોના ફેલાયો હતો.

'કોવિડ-૧૯ના વૈશ્વિક સ્તરેથી રાષ્ટ્રીય સ્તરના ફેલાવા પર ટ્રેક રાખવામાં આવ્યો હતો. અમુક કોરોના ફેલાવનારાઓએ ભારતમાં કોરોનાની સ્થિતિ વધુ ગંભીર બનાવી હતી. મહામારીના પ્રથમ તબક્કામાં વિદેશથી આવેલા પ્રવાસીઓને કારણે કોરોના ફેલાયો હતા અને સ્થાનિક સ્તરે સૌથી વધુ તેનો ફેલાવો થયો હોવાનું જણાયું હતું', એમ આઈઆઈટી, મંડીના આસિસ્ટન્ટ પ્રોફેસર સરિતા આઝાદે કહ્યું હતું.

'રિસર્ચ ટીમે પ્રાથમિક ડેટા સ્રોત પ્રમાણે જાન્યુઆરીથી એપ્રિલ દરમિયાન કોરોનાગ્રસ્ત દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી ચકાસવામાં આવી હતી. મહામારીના પ્રાથમિક તબક્કામાં વાઈરસના ફેલાવા અંગે સોશિયલ નેટવર્ક દ્વારા સાવચેતીના ઘણા પગલાં જણાવામાં આવ્યાં હતાં. રિસર્ચમાં જાણવા મળ્યું હતું કે સૌથી વધુ દુબઈ (૧૪૪) અને યુકે (૬૪) દ્વારા કોરોનાનો ફેલાવો થયો હતો', એમ આઝાદે વધુમાં જણાવ્યું હતું.

પ્રાપ્ત ડેટા દ્વારા જાણવા મળ્યું હતું કે દુબઈ અને યુકેથી આવેલા પ્રવાસીઓને કારણે ભારતમાં કોરોનાનો ફેલાવો વધુ થયો હતો અને પરિસ્થિતિ ગંભીર બની હતી. આ બન્ને દેશોએ કોરોનાના ફેલાવા માટે મુખ્ય ભૂમિકા ભજવી હતી, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# બાળવાર્તા ૩૧
## બળ કરતા કળ ચઢે




વિશ્વભરમાં જંગલોનો હવે નાશ થતો જાય છે.જ્યાં જ્યાં જંગલ બચ્યા છે ત્યાં પ્રાણીઓ પણ હવે ઓછા થતાં જાય છે.

ભારતમાં વિશાળ જંગલ મધ્યપ્રદેશમાં છે.તે જંગલમાં ઘણાં વાઘ રહે છે.કહેવાય છે કે જંગલી પ્રાણીઓનો ભરોસો ન કરાય.એકવાર એક વાઘ પોતાની ધૂનમાં ને ધૂનમાં ટેકરીઓ કૂદી જઈ રહ્યો હતો,ત્યાં અચાનક તે નીચે એક ખીણની ખાયમાં પડી ગયો. હવે કરે તો શું કરે...ત્રાડ નાંખી નાંખી તેનો અવાજ સાવ જ બેસી ગયો હતો.કોણ સાંભળે?

અચાનક ત્યાથી એક સાધુઓનું ટોળું પસાર થતું હતું.સાધુઓ ક્યારેય તાઢ,તડકો કે વરસાદની પરવાહ કરતા નહિ.જંગલ જંગલ ફરે ને તેથી પશુ પંખીની

વાણી સમજે.એક સાધુનાં કાને કોઈ પ્રાણીનો રડવાનો અવાજ સંભળાયો..ત્યારે બીજા સાધુઓએ તેને રોકાવાની ના કહી,સમજાવ્યો કે જંગલી પશુનો ભરોસો ના કરાય..તું અમારી સાથે ચાલ. સાધુ ખૂબ પરગજુ સ્વભાવ ધરાવે તેથી તેણે રાત ત્યાં રહી બીજે દિવસે સવારે તે જીવને બચાવાનો નિર્ણય કર્યો.એક ઝાડ નીચે તે સૂઈ ગયા.તેમના શરીર નીચે એક દેડકાએ પણ હુંફ મેળવી ખૂબ ઠંડી હતી તેથી સાધુમહારાજે તેને પોતાના શરીર પરની પિછોડી ઓઢાડી.દેડકો તો સાધુના આ સ્વભાવે ગદગદ થઈ ગયો.

બીજે દિવસે સવારે વહેલા ઉઠીને સાધુએ જોયું તો ખાયમાં વાઘ બિચારો તરફડતો હતો.સાધુએ લાકડાં વીણીને ખાયમાં ઉભા કર્યા જેથી વાઘ બહાર

નિકળી સકે.પણ સાધુ જાણતો હતો કે વાઘ જંગલી પ્રાણી છે,તેથી તે મૂકીને ત્યાંથી દૂર જવાય એટલું દૂર ભાગ્યા.

વાઘ બહાર આવ્યો ને કહેવા લાગ્યો,'' હે માનવ,મારા થી ડર નહિ હું તને કાંઈ નહિ કરું .તું મારી સામે આવ,તે મારો જીવ બચાવ્યો છે.''

સાધુ તો ભોળવાય ગયો,તે જેવો બહાર આવ્યો કે વાંધે તેના સ્વભાવ પ્રમાણે તેમની પર તરાપ મારી ને કહેવા લાગ્યો કે ,'' મને ખૂબ ભૂખ લાગી છે,ભગવાને મારી પ્રકૃતિ ઘડી છે કે મારે શિકાર કરી ખાવો,તો હવે તને ભગવાને મારી સામે મોકલ્યો તો હું શિકાર કરવા કેમ જાઉં?

ત્યાં તો દેડકો સાધુની વહારે આવ્યો,તેણે બધી વાત પૂછી ને સાંભળી પછી બોલ્યો,'' મારે જોવું તો પડેને કે તું ક્યાં હતો..?અને ત્યાંથી કેવી રીતે બહાર આવ્યો?

તો હું ન્યાય આપી શકું.વાઘ તો હવે ભૂલ્યો કે કંઈ ખાય માંથી આવ્યો તેથી દેડકો જાણી જઈને વિરૂદ્ધ દિશાની ખાય તરફ ઉભો હતો,તે જ તેણે વાઘને બતાવી,વાઘે ન આવ જોયો ન તાવ..ને તેણે તો માર્યો ખાયમાં ભૂસકો.

હવે ઉપર કેવી રીતે આવવું લાકડાવાળી ખાય સામે હતી.

સાધુએ કહ્યું વાઘને,''ભલા વાઘભાઈ,ભલું કરે તેનું ભલું ઈચ્છો નહિ તો હાથના કર્યા હૈયે વાગે..,તેણે દેડકાનો આભાર માન્યો ને કહ્યું હંમેશાં બળ કરતાં કળ ચઢે તે આજે નાના અમથાં પ્રાણીએ સાબીત કરી આપ્યું

જયશ્રી પટેલ

# સમુદ્ર પર રાજ કરી ચૂકેલું આઈએનએસ વિરાટ અલંગ પહોંચ્યુ



ભાવનગર,તા.૨૮

ભારતનું ઐતિહાસિક યુદ્ધ જહાજ, 'ગ્રેટ ઓલ્ડ લેડી'ના નામથી ઓળખાતું અને સમુદ્ર પર રાજ કરી ચૂકેલું વિરાટ આજે અલંગની જમીન પર આવી પહોંચ્યું છે. જહાજને આજે મોટી ભરતીમાં અલંગ ખાતે આવેલા પ્લોટ નં.૯માં બપોરે બીચિંગ કરાયું હતું. બીચિંગના અવસર પર કેન્દ્રીય શિપિંગમંત્રી મનસુખભાઈ માંડવિયા, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, મંત્રી વિભાવરીબેન દવે, જીએમબીનાં વાઈસ-ચેરમેન અવંતિકાસિંઘ અને નેવીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્યારે આઈએનએસ વિરાટ અલંગ શિપબ્રેકિંગ યાર્ડના પ્લોટ નંબર ૯ પહોચી ગયું છે. ટગ દ્વારા જહાજને ધીમે ધીમે ખેંચીને નજીક લાવવાની કામગીરી કરાઈ હતી.

જહાજના બીચિંગ પ્રક્રિયા સાથે સંકળાયેલા શિપ બીચિંગ નિષ્ણાત પૂર્વજિતસિંહ સરવૈયાના જણાવ્યા પ્રમાણે, એક્રરેજ પોઈન્ટ પરથી ટગ સિંહ ચિતા દ્વારા આઈએનએસ વિરાટને ખેંચીને પ્લોટ તરફ લાવવામાં આવ્યું હતું. બપોરે જહાજ બીચ થયા ગયા બાદ કિનારેથી વાયરો મોકલી અને જહાજને બાંધી દેવામાં આવ્યું છે. આઈએનએસ વિરાટ અલંગ શિપબ્રેકિંગ યાર્ડના પ્લોટ નંબર ૯માં બીચિંગ થઈ ગયા બાદ અલંગમાં બનાવવામાં આવેલા હેલિપેડ ખાતેથી તમામ મંત્રીઓ જહાજ પર હેલિકોપ્ટર દ્વારા પહોંચ્યા હતા.અને જહાજના ડેક પરથી નિરીક્ષણ કર્યું હતું. વિરાટ જહાજના અંતિમ ખરીદનાર શ્રીરામ ગ્રુપના ચેરમેન મુકેશભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે આ જહાજ ફક્ત જહાજ નથી, પરંતુ સમગ્ર દેશની સંવેદના તેની સાથે જોડાયેલી છે. વિરાટે પોતાના કાર્યકાળ દરમિયાન ભારતીય નૌસેનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. વિરાટ જહાજનો સ્કેપ લેવા માટે દેશની અગ્રણી બે સ્કૂટર કંપનીઓ દ્વારા વાટાઘાટો કરવામાં આવી રહી છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.
## આયોજક - સંચાલન એડમીન ટીમ.

NOG.NO 0071...
વિષય - ગુલાબ
પ્રકાર - પદ્ય ગઝલ..છંદ વિધાન - (લગા લગાગા)૨
ગમે ને, તો એક ગુલાબ આપો.
છો પ્રેમમાં કે ? જવાબ આપો.
મેં એક પાનું લખ્યું છે વાંચો,
લખીને ઉત્તર કિતાબ આપો.
અમે પળેપળ દીધી છે તમને,
મળે તો એનો હિસાબ આપો.
ન હીર, મજનુ થવું છે મારે,
બનુ તમારો, ખિતાબ આપો.
ઘણો જ સારો મને કહ્યો છે,
હવે નિવેદન ખરાબ આપો.
ગુલાબી ગાલો, શબાબી હોંઠો,
નયન નશીલી શરાબ આપો.
હ્રદયની રાણી, તમોને માન્યા,
તો સ્થાન મારું નવાબ આપો.
નથી મળ્યા રૂબરૂ ભલે ને,
મળી શકો એવું ખ્વાબ આપો.
હવે તો રહેવાતું યે નથી હોં,
ખરો કે ખોટો જવાબ આપો.
જો હોય હા તો કરો ઉતાવળ,
ગુલાબ સામે ગુલાબ આપો.
જો હોય ના તો પછી જવા દો,
દીધેલું પાછું ગુલાબ આપો.
પ્રણયનો દિલમાં તો "દીપ" પ્રગટે,
પ્રભુજી એવો રૂઆબ આપો.
દીપક સિંહ સોલંકી "દીપ" આણંદ

-----------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર.
શીર્ષક - ગુલાબ....વિભાગ - પદ્ય
ગઝલ - લગા લગાગા ૨ દ્વીખંડી છંદ.
N . G. NO /0026
ગુલાબ જ્યારે ધરી ગયાં એ!
સુવાસ દિલમાં ભરી ગયાં એ!
તરસનું હરણું છે હાંફતુંને!
ત્યાં ઝાંઝવા કરગરી ગયાં એ!
છૂપ્યાં જ્યાં વાદળ આ પાંપણોમાં!
બની ત્યાં બુંદો સરી ગયાં એ!
ગુલાબ આપી સિતમ ગુજારે!
ને ચેન મારું હરી ગયાં એ!
ન કોઈ કરતાં એ કામ કીધું!
દિવાનગી પર મરી ગયાં એ!
અંજના ગાંધી "મૌનું"..વડોદરા

-----------------------------------

NG - O11..
ન્યુઝ ઓફ ગાંધીનગર.
ગુલાબનું ચિત્ર પરથી રચના
પ્રકાર : પદ્ય- મૌલિક રચના
શીર્ષક- ખીલી રહ્યું છે
આ કાંટા વચ્ચે લાલ ગુલાબ હસી રહ્યું છે,
દુ:ખોની વચ્ચે આજ ગુલાબ ખીલી રહ્યું છે.
સમય સમયની વાત પર ખીલવું છે ચમનમાં,
ખરાબ નજરથી બચવા કાંટામાં ખીલી રહ્યું છે.
તાપ,તડકો, ઠંડી ને વરસાદથી બચવા કાજે,
ઝાકળનાં સહારે ને ચાંદની રાતે ખીલી રહ્યું છે.
ખુશી, આનંદ,માતમ- શોક,જન્મ-મરણનાં રૂપો,
પળેપળની સાક્ષી પુરાવવા ગુલાબ ખીલી રહ્યું છે.
સફેદ, ગુલાબી ને પીળા રંગમાં લાલ રંગ અનેરો,
ડગલે પગલે પડતી છાપ ને રંગે ખીલી રહ્યું છે.
મનોજકુમાર પંચાલ
'મન'.....પાલનપુર.

-----------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર.
પદ્ય વિભાગ..
શીર્ષક :- ગુલાબ.
NG :- 0038
કંટકથી એ ઘેરાયેલા રહે છે,
છતાં ગુલાબ ખીલતા રહે છે....!!
મહેક એની ફેલાવતા રહે છે,
દરેક પરિસ્થિતિમાં હસતા રહે છે...!!
ફૂલોના રાજા બની શોભતા રહે છે,
અહંકાર છોડી સૌને નમતા રહે છે....!!
માનવને ઘણું કહેતા રહે છે,
મુશ્કેલીમાં હસતા શીખવતા રહે છે....!!
બીજા માટે જીવતા શીખવતા રહે છે,
સમર્પણની ભાવના કહેતા રહે છે...!!
દિલમાં મળે સ્થાન તેને શોભાવતા રહે છે,
મળે કોઈનું શરણ તો પણ ખુશી મનાવતા રહે છે....!!
"ગુલાબ" માનવજાતને ઉપદેશ આપતા રહે છે,
કંટકવાળો જીવનપથ કાપતા શીખવતા રહે છે....!!
??શીલા.ગાંધીનગર.

-----------------------------------

NG/0064..
.વિષય : ગુલાબ...વિભાગ : પદ્ય
શીર્ષક : સ્વીકારે ખરાં?
પ્રેમ નીતરતું
હૃદય સોંપું તને,
તો તું સ્વીકારે ખરાં?
વરસોથી ધરબીને રાખેલી
ભાવના જો ઉલેચું,
તો તું સ્વીકારે ખરાં?
એક બે વાર
તે ના કહી છતાં,
પ્રેમ પ્રસ્તાવ હું મૂકું
તો તું સ્વીકારે ખરાં?
યાદોથી તરબતર પટારો;
મૂકી દઉં ખુલ્લો તારી સામે,
તો તું સ્વીકારે ખરાં?
ભૂલી ગયો છું સાવ જ તને;
ખોટે ખોટાં જ એવું કહું,
તો તું સ્વીકારે ખરાં?
આશાનો દીપ પ્રગટાવી;
પ્રેમનું પર્યાય ગુલાબ તને આપું,
તો તું સ્વીકારે ખરાં?
નેહા બગથરીયા

-----------------------------------

NOGS(VIP GROUP)
NG NO. : 0034
વિભાગ : પદ્ય (મૌલિક રચના)
વિષય : ગુલાબ
શીર્ષક : જૂનાં પુસ્તકની વચ્ચે
ખીલવું ને મુરઝાવું
સદાય કંટકોની મધ્યે
ને છતાંયે,
શ્વસું છું હજીયે
જૂનાં પુસ્તકની વચ્ચે!
એ પ્રિયતમનાં
ગુલાબી અધરનાં
સ્પર્શને ઝંખતું
પ્રીતને તરસતું,
જૂનાં પુસ્તકની વચ્ચે!
કોમળ કરકમળોમાં
મૃદુતાથી લઈને રાખ્યું'તું
પ્રેમની અમર નિશાની રૂપે
ધબકે છે એ પ્રીત રોમરોમમાં,
જૂનાં પુસ્તકની વચ્ચે!
સર્જન-વિસર્જન
છે કિસ્મતની લકીરોમાં
પ્રેમનું સ્મૃતિચિન્હ,
કોતરીયું'તું પાને-પાને
જૂનાં પુસ્તકની વચ્ચે!
"એ ગુલાબ સ્વરૂપે"
ભલે મુરઝાયું,પીંખાયું
એકલતાના રણમાં,પણ, હજીયે
હૃદય ધબકી રહ્યું છે,પ્રણયમાં,
જૂનાં પુસ્તકની વચ્ચે!
ડો.રેખા શાહ

# સાહિત્ય સરિતા

એક વડીલની સાથે હું બેઠો હતો,
અચાનક મોબાઈલમાં જોતા જોતા હસી પડ્યા...
રોજની અવર-જવર સાથે હોવાને કારણે મિત્ર જેવા બની ગયા હતા.
મે તેમની સામે જોઈ
હસવાનું કારણ પૂછયું.
વડીલ થોડાં ગંભીર મુદ્રા સાથે મોબાઈલ બંધ કરીને બોલ્યા,
દિલની વાત કરું છું...
આ મારો છોકરો જ્યારે એની માં LPG નો સિલિન્ડર ખસેડવા માટે કહેતી,
ત્યારે કહેતો,
આટલું વજન મારા એકલાથી ના ખસેડાય,
તું મદદ કરાવ..
મારો બેટો હનીમૂન કરવા ગયો છે, તેની પત્નીને ઊંચકીને ફોટા પડાવે છે.
પાછો લખે છેઃ
"તેરે બીના ભી ક્યાં જીના"
સાહેબ મને કહો કે-
LPG ના સિલિન્ડર નું વજન વધારે કે તેની પત્નીનું,..?
આ યુવાન વર્ગ લાગણી ને સમજે શુ ?
પાછો લખે છે - "તેરે બીના ભી કયા જીના?".
લગ્નના ૧૦ વર્ષ પછી લખતો હોય તો દુ:ખ ના થાય.
બે મિનિટ ચૂપ થઈ,
ઊંડા શ્વાસ લઈ બોલ્યા કે,
તેની કારકિર્દી બનાવવા રાત દિવસ એક કર્યા.
કરકસર તો એવી કરી કે અમે પતિ-પત્ની એ અમારા સપના જમીનમાં દાટી દીધા.
આટલા વખતમા એક વખત પણ તેણે તેની માંને આવા શબ્દો કીધા હોત,
"તેરે બીના ભી ક્યાં જીના".
સાહેબ સોગંદપૂર્વક કહું છું.(વડીલ ભાવ વિભોર થઈ મારો હાથ પકડી લીધો) આખી જીંદગીનો અમારો થાક ઉતરી જાત.
આ તો,
તમારી સાથે દિલ મળી ગયું છે એટલે વાત કરાય.
સાહેબ,
મોટા છોકરા ને ભણાવીને વિદેશ મોકલ્યો,
લગ્ન કરી તેના પરિવાર સાથે ખુશ છે.
પણ સાહેબ,
એક વાત નો જવાબ આપો.
ભણાવી ગણાવી કમાતો કર્યો.
તેના પગાર અને મોભાનો જશ તેમની પત્ની અને તેના સાસરિયા લે છે.
તેની પ્રગતીનો જશ્ન તેઓ મનાવે છે.
તે નાદાન ને ક્યાં ખબર છે કે,
તારા પગાર અને લાયકાત જોઈને તારી પત્ની અને સાસરિયાએ હા પાડી છે.
પથ્થરમાંથી શિલ્પ માબાપ બનાવે છે.
અને
એ પથ્થર દિલના સંતાન માબાપની આંખની ભાષા પણ ના વાંચી શકે ત્યારે દુ:ખ થાય.
વડીલ ની આંખમાં
પોતાના સંતાન પ્રત્યે ની ફરિયાદ અને દુ:ખ હતુ.
પુરુષ હોવાથી રડવાનું જ બાકી હતું.
મને સ્વસ્થ થઈ પુછયુ,
તમારે સંતાન કેટલા.
મેં કીધું, એક.
મને કહે, સાહેબ,
સંતાનો નો વાંક નથી.
તે તો આ સમાજ વ્યવસ્થામાં બરાબર ગોઠવાઈ ગયા છે.
વાંક આપણો જ છે કે વધારે પડતા લાગણીશીલ અને અપેક્ષા રાખી સંતાનને મોટા કરીએ છીએ.
સાહેબ,
મારા અનુભવ ઉપરથી એક સલાહ આપું છું,
ફક્ત લેણ-દેણના સંબંધ સમજીને જ સંતાનને મોટા કરજો.
તો જ જિંદગી આનંદથી જશે."
તમારા ઘરમાં બાળકો હોય તો આ સ્ટોરી અવશ્ય વંચાવજો.

-----------------------------------

બાળપણનુ મારૂ ફળિયુ ખોવાયુ
અને
રમતો હુ એ મારુ આંગણુ ખોવાયુ
નથી છીપાતી તરસ ફ્રીજના પાણીથી
કેમકે
રસોડામાં રમતું એ પાણીયારુ ખોવાયુ
બધી મળી બેડરૂમમાં મને સગવડ
પણ
મીઠી નિંદર માણતો એ ધોડીયો ખોવાયો
નથીરે આવતુ લુંછવા આંસુ આજ કોઈ
અને
મારી "મા" લૂંછતી એ આજ ઓઢણુ ખોવાયુ
થાકી જવાય છે થોડુ જ અંતર ચાલતા હવે
જયારે
કિલોમીટર દોડાવતુ એ મારુ પૈડુ ખોવાયુ
બત્રીસ ભાતના ભોજન કયા ભાવે છે હવે
ત્યારે
ગોળ ઘીનુ મારી મા-બેનીનુ એ ચુરમુ ખોવાયુ
મારવા પડે છે દરેક દ્વારે ટકોરા હવે
કેમ કે
સીધો જાતો એ ખુલ્લુ હવે બારણું ખોવાયુ
નથી ભૂંસી શકતો હવે લખેલુ આ કાગળ નુ અને
ત્યાં તો દફ્તરની એ મારી પેનને પાટીયું ખોવાયુ
હજારો દોસ્તો છે ફેસબુક અને વોટસએપમા
પણ લંગોટીયા યાર સાથેનુ મારું આખે આખું ગામડું ખોવાયુ !!

# સુરતના હીરા અને કાપડ માર્કેટમાં કોરોના બ્લાસ્ટ, ૭ દિવસમાં ૧૮૨ લોકો પોઝિટિવ

સુરત,તા.૨૮

અનલોકના તબક્કામાં સુરતમાં ઉદ્યોગ-ધંધા સહિત હીરા અને કાપડ માર્કેટ ધમધમતાં થયા છે. પણ હવે સુરતના માર્કેટ કોરોનાનાં સુપર સ્પ્રેડર બની ગયા હોય તેવાં દ્રશ્યો સામે આવી રહ્યા છે. સુરતના માર્કેટમાં કોરોનાનું સંક્રમણ કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે. હીરા અને કાપડ માર્કેટમાં છેલ્લા ૭ દિવસમાં ૧૮૨ લોકો કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. સુરતના હીરા અને કાપડ માર્કેટમાં છેલ્લા સાત દિવસમાં મનપા દ્વારા આક્રમક ટેસ્ટિંગની નીતિ હાથ ધરાઈ હતી. જેમાં મનપાની ૧૦ ટીમ દ્વારા ૮૦૦૪ લોકોનાં કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ આક્રમક ટેસ્ટિંગમાં ૭ દિવસમાં ૧૮૨ લોકો પોઝિટિવ આવ્યા હતા.

હીરા બજારમાં ૫૩૩માંથી ૫૮ લોકો કોરોના પોઝિટિવ આવ્યા હતા. સુરતના માર્કેટમાં કોરોનાએ માથું ઉચકતાં તંત્રની સાથે વેપારીઓની ચિંતામાં વધારો થયો છે. અને માર્કેટ ફરીથી બંધ થવાનો ભય વેપારીઓને સતાવી રહ્યો છે. તો બીજી બાજુ સુરતમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ અડીખમ છે. કોરોનાને હરાવી ફરી સેવામાં ડોક્ટર લાગી ગયા છે. ૧૨૫ ડૉક્ટર, ૮૮ નર્સિંગ સ્ટાફ કોરોનાને માત આપી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ફરીથી સેવામાં જોડાયા છે. જો કે હજુ પણ સુરતમાં હાલ ૧૦ ડોક્ટર, ૨ નર્સ સારવાર હેઠળ છે.

અત્યાર સુધી સુરતમાં ૨ નર્સિંગ સ્ટાફના કોરોનાથી મોત પણ નિપજ્યા છે. સુરત શહેરમાં ૧૬૦ અને જિલ્લામાં ૧૦૯ સાથે રવિવારે કોરોનાના વધુ ૨૬૯ કેસ પોઝિટિવ નોંધાયા છે. આ સાથે સુરતમાં પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૨૮૨૫૮ થઈ ગઈ છે.

# ૨૯-૩૦ સપ્ટેમ્બરે યોજાનાર આરબીઆઈની ધિરાણનીતિની બેઠક સ્થગિત

મુંબઈ,તા.૨૮

રિઝર્વ બેન્ક દ્વારા મોનેટરી પોલિસી કમિટીની બેઠક હંગામી ધોરણે સ્થગિત રાખવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે, રિઝર્વ બેન્કની ધિરાણનીતિની બેઠક ૨૯ – ૩૦ સપ્ટેમ્બર અને ૧લી ઓક્ટોબરના રોજ યોજાવાની હતી. જો કે અંતિમક્ષણે આ બેઠક મુલત્વી રાખતા અનેક અટકળો વહેતી થઈ છે. હજી સુધી શા માટે આ બેઠક સ્થગિત રાખવામાં આવી છે તેના કારણની સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી.

એમપીસીના બોર્ડમાં શામેલ ૬ સભ્યોમાંથી ત્રણ સભ્યોનો કાર્યકાળ સમાપ્ત થઈ ચૂક્યો છે. આ ત્રણેય સભ્યો બેઠકમાં ભાગ લઈ શકે કે નહીં તે અંગે અનિશ્ચિતતાઓ પ્રવર્તી રહી હતી. આગમચેતીના પગલાં તરીકે રિઝર્વ બેન્કને ઈતિહાસમાં પ્રથમવાર ધિરાણનીતિ નિર્ધારણની બેઠક રદ કરવાની ફરજ પડી છે. ધોળકિયાના રાજીનામાં અને બે સભ્યોનો કાર્યકાળ પુરો થતાં એમપીસી બોર્ડની કુલ ત્રણ પદ ખાલી પડ્યા છે.

# ચીન સાથેનો અમારો સંબંધ અતૂટઃ નેપાળની આડોડાઈ

*કાઠમાંડૂ,તા.૨૮*

નેપાળની છેલ્લાં કેટલાંક દિવસોથી ચીનથી નિકટતા વધી છે. બીજીબાજુ ભારતની સાથે નેપાળનો સરહદ વિવાદ વધુ ઘેરાઈ રહ્યો છે. ભારત અને ચીનની વચ્ચે પણ સરહદ પર તણાવ વધવાના લીધે નેપાળની ભૂમિકા વધુ અગત્યની થઈ ગઈ છે. તમામ નિષ્ણાતો એ વાતને લઈ પણ ચિંતા વ્યકત કરી રહ્યા છે કે નેપાળમાં ચીનની વધતી હાજરી ભારતની સુરક્ષા માટે પણ ખતરો છે. આ બધાની વચ્ચે ચીનમાં નેપાળના રાજદૂત મહેન્દ્ર બહાદુર પાંડે એ રવિવારના રોજ ચીની મીડિયાને એક ઈન્ટરવ્યુ આપ્યો છે તેમાં તેમણે ચીન અને નેપાળના સંબંધને અતૂટ ગણાવ્યો છે. ચીનમાં નેપાળના રાજદૂત મહેન્દ્ર પાંડે એ કહ્યું કે નેપાળ અને ચીન સારા પાડોશી દેશ છે અને સારા મિત્રો પણ. વર્ષ ૧૯૫૫થી જ બંને દેશોના કૂટનીતિક સંબંધ રહ્યા છે. તેમણે કહ્યું કે ચીનમાં નેપાળના નવા રાજદૂત હોવાના નાતે મારી પ્રાથમિકતા બંને દેશોની વચ્ચે થયેલા કરાર છે. ગયા વર્ષે ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે નેપાળની મુલાકાત લીધી હતી જે ખૂબ જ સફળ રહી. અંદાજે ૨૦ કરાર પર હસ્તાક્ષર કર્યા. નેપાળના પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલી અને રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારી એ પણ ચીનની મુલાકાત લીધી અને કેટલાંક કરાર પર હસ્તાક્ષર કર્યા. આથી મારી પ્રાથમિકતા રહેશે કે આ સમજૂતી પર ઝડપથી કામ આગળ વધી શકે. ગયા વર્ષે અમે બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટની અંતર્ગત કેટલાંય પ્રોજેક્ટ શરૂ કરી ચૂકયા છીએ. આ પ્રોજેક્ટ શિક્ષણ, સ્વાસ્થ્ય, ઈન્ફ્રાસ્ટ્રકચર અને પર્યાવરણથી સંબંધિત છે. ચીનમાં પોતાના કાર્યકાળ દરમ્યાન મારી પ્રાથમિકતામાં આ વસ્તુ હશે.

# ફોટો ગેલેરી



# કેશોદ શહેર-તાલુકા માં કોરોના મહામારી રોકવા કાર્ય કરનાર નું સન્માન કરાયું

## ગામડે ગામડે સેનેટાઈઝ કરવા ઉપરાંત ઘરે ઘરે ઉકાળા પહોંચાડી સરાહનીય સેવા કરી હતી



કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

ગત માર્ચ મહિનામાં કોરોના મહામારી કાબુમાં લેવા સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે બીજી તરફ સ્વખર્ચે અને સ્વબળે કોરોના મહામારી રોકવા બીડું ઝડપ્યું હતુ એ હતાં વિઠ્ઠલભાઈ ડોબરીયા. કેશોદ તાલુકાના દરેક ગામમાં પહોંચી જઈને દરેકે દરેક શેરીઓમાં દવા છંટકાવ કરી સેનેટાઈઝ કરવાની કામગીરી પુરી ટીમ સાથે કરી હતી. સરકારી આર્યુવેદિક હોસ્પિટલ અગતરાય નાં ડૉક્ટર સચીનભાઈ દલાલ નાં માર્ગદર્શન હેઠળ આર્યુવેદિક દેશી ઓસડીયા નાં ઉકાળા રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે સમગ્ર તાલુકામાં અને શહેરી વિસ્તારમાં વિઠ્ઠલભાઈ ડોબરીયા અને ટીમ દ્વારા ઘરે ઘરે પહોંચતું કરવાની કામગીરી પુરી કરી હતી. સરકારી આર્યુવેદિક હોસ્પિટલ અગતરાય નાં ડૉક્ટર સચીનભાઈ દલાલ અને ધારાસભ્ય દેવાભાઈ માલમ, મામલતદાર હેતલબેન ભાલીયા ની ઉપસ્થિતિ માં કોરોના મહામારી કાબુમાં લેવા માટે સ્વખર્ચે કામગીરી કરનારા વિઠ્ઠલભાઈ ડોબરીયા નું સન્માન કરવામાં આવ્યું હતું. કેશોદ શહેરમાં કોરોના મહામારી નાં પ્રારંભ માં કરવામાં આવેલી કાર્યવાહી ને કારણે કોરોના ને રોકવામાં અશતઃ રાહત મળી હતી જેના ખરાં જશના ભાગીદાર સરકારી આર્યુવેદિક હોસ્પિટલ અગતરાય નાં ડૉક્ટર સચીનભાઈ દલાલ અને વિઠ્ઠલભાઈ ડોબરીયા ને ગણી શકાય. કેશોદ જલારામ મંદિર ખાતે યોજાયેલા સન્માન કાર્યક્રમમાં તાલુકા ભાજપના પ્રમુખ ગોવિંદભાઈ બારીઆ સહિતના આગેવાનો હાજર રહ્યાં હતાં અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ કાનાબાર એ કર્યું હતું. સન્માનિત વિઠ્ઠલભાઈ ડોબરીયા એ જણાવ્યું હતું કે ફરીથી કેશોદ પંથકમાં કોરોના મહામારી વકરી છે ત્યારે ફરીથી આર્યુવેદિક દેશી ઓસડીયા નાં ઉકાળા નું વિતરણ શરૂ કરવામાં આવશે.

# કામધેનું ગૌ હોસ્પિટલની સરાનીય કામગીરી



રવિવારના રોજ સિધ્ધપુર ખાતે અબોલ અને પૂજનિય નિઃસહાય અને અકસ્માત પામેલ ગૌ માતાની નિસ્વાર્થ ભાવે સેવા કરતી સંસ્થા કામધેનુ ગૌ હોસ્પિટલ દ્વારા રવિવારના રોજ ગૌ માતાની સુરક્ષા અંતર્ગત ગૌ માતાને રાત્રી ના સમયમાં અકસ્માતમા ભોગ બનતી અટકાવવા શહેરના હાઈવે વિસ્તારમાં જેવા કે બિન્દુ સરોવર પિકઅપ સ્ટેન્ડ , ગુરુકુલ સ્કુલ પાસે , દેથળી ચાર , કાકોશી ચાર રસ્તા સહિત અનેક જગ્યાએ જઈને કામધેનુ ગૌ હોસ્પિટલના ગૌ ભક્તો દ્વારા ૧૫૦ ગૌ માતાના શિગંડા ઉપર રેડિયમ પટ્ટી લગાવવામાં આવી હતી .ગૌ માતાને અકસ્માતના ભોગ બનતી અટકાવવા માટે એક સેવાનું કાર્ય કર્યું હતું અને અગાઉ પણ સેવાના કર્યો તેમના દ્વારા કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમ થકી ગૌ માતાની સુરક્ષા ની ચિંતા કરી ગૌ માતા માટે ઉમદા કાર્ય કરવા માટે શ્રી કામધેનુ ગૌ હોસ્પિટલ પરિવાર સહિત ગૌ ભક્તો આ કાર્ય મા સહભાગી બન્યા હતા. ગૌ માતા ની ચિંતા કરતા કામધેનુ ગૌ હોસ્પિટલ પરિવાર દ્વારા આયોજીત આ સેવાકિય કાર્યમા જોડાયેલ તમામ ગૌ ભક્તોને શહેરીજનો દ્વારા આ સુંદર કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

અહેવાલ - ધ્રૂવ દવે

### મોડાસાના શહેરીજનો આનંદો

# મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧૪૩ કરોડની ખર્ચે ભૂગર્ભ ગટર યોજનાનું ઈ-ખાતમુહર્ત કર્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં ભૂગર્ભ ગટર યોજના ન હોવાથી શહેરીજનો હાલાકી ભોગવી રહ્યા હતા રાજ્ય સરકાર પાસે મોડાસા નગરપાલિકા તંત્રની વારંવાર રજૂઆતના પગલે આખરે ૧૪૩.૬૬ કરોડના ખર્ચ ભૂગર્ભ ગટર યોજનાની વહીવટી મંજૂરી મળવાની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧૪૩ કરોડની ભૂગર્ભ ગટર યોજનાનું ઈ-ખાતમુહર્ત કર્યુ હતું ભૂગર્ભ ગટર યોજના શહેરના ૧૪ ચો.કીમી વિસ્તારમાં આશરે ૨૪૩ કિમી લંબાઈ વિસ્તારને આવરી લેવામાં આવ્યો છ.રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે વિકાસ લક્ષી કાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા જેમાં મોડાસા શહેરમાં આગામી દિવસોમાં ભૂગર્ભ ગટર યોજના અમલી થવાની છે, જે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ



૧૪૩.૬૬ કરોડના ખર્ચે તૈયાર થનાર ભૂગર્ભ ગટર યોજનાનું ઈ-ખાતમુહૂર્ત કર્યું, જયારે સરકારી ઈજનેર કોલેજ ખાતે ૧૪.૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ કુમાર છાત્રાલય, ત્રણ કરોડના ખર્ચે તૈયાર થયેલા ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના મકાન તેમજ ૧.૧૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા ઘેટાં-બકરા સેવા કેન્દ્રનું ઈ-લોકાર્પણ કર્યુ હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, જયાં જયાં માનવી, ત્યાં ત્યાં વિકાસના સંકલ્પ સાથે સરકાર વિકાસલક્ષી કાર્યો કરી રહી છે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મોડાસા શહેરમાં ઘરે ઘરે રાંધણ ગેસ પણ પહોંચી ગયો હોવાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો મોડાસા ટાઉન હોલ ખાતે આયોજિત કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા સંસાદ દીપસિંહ રાઠોડ, મોડાસા નગર પાલિકા પ્રમુખ, સુભાષભાઈ શાહ, જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર, નગરપાલિકા ચીફ ઓફિસર જીજ્ઞેશ બારોટ સહિતના અધિકારી અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજસ્થાન શિક્ષક ભરતી આંદોલન સમેટાયું

# શામળાજી-ઉદેપુર હાઈવે પર ધીરે ધીરે વાહનવ્યવહાર પૂર્વરત,ઢાબા અને રોડ પર ફસાયેલ ટ્રક ચાલકોમાં ખુશી

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજસ્થાનમાં શિક્ષકોની ભરતીનું આંદોલન ઉગ્ર બન્યું હતું ડુંગરપુર નજીક હાઈવે પર આંદોલનકારીઓ રસ્તા પર ઉતરી આવી વાહનો સળગાવતા શામળાજી-ઉદેપુર ને,હા.નં-૮ પર રતનપુર ચેકપોસ્ટ પરથી રાજસ્થાનમાં પ્રવેશતા વાહનોને અરવલ્લી પોલીસે અટકાવી દીધા હતા જેની સીધી અસર ઉત્તર ગુજરાતથી રાજસ્થાન જતા હાઈવે પર પડી હતી રાજસ્થાન જતા નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો ત્રણ દિવસથી શામળાજીથી ઉદયપુર જતા નેશનલ હાઈવેને બંધ કરાતા મોડાસાના ગાજણ ટોલ પ્લાઝા પાસે વાહનોને રોકવામાં આવતા લાંબી કતારો લાગી હતી. ઉદયપુર જવા વાયા પાલનપુરનું ડાયવર્ઝન અપાયું હતું પણ ટ્રક ચાલકોને ૧૦૦ કીમી થી વધારે ચક્કર ખાવું પડતું હોવાથી ઢાબા અને રોડ સાઈડ પડી રહેવા મજબુર બન્યા હતા ત્યારે ડુંગરપુર નજીક સામાજિક અગ્રણીઓ,નેતાઓ અને સ્થાનિક પ્રશાસન તંત્ર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને શિક્ષક ભરતી અંગે રાજસ્થાન સરકાર સુપ્રીમકોર્ટ માં જશે ની હૈયાધારણા આપવામાં આવતા આંદોલનકારીઓએ શરતી સમાધાન સ્વીકારી આંદોલન સમેટી લેતા હાઈવે પુર્વરત થઇ રહ્યો છે રાજસ્થાનના ડુંગરપુર નજીક આંદોલન કરી રહેલા આંદોલન કારીઓએ ગુરુવારે રાત્રે હાઈવે પરથી પસાર થતા વાહનો પર પથ્થરમારો કરવાની સાથે હાઈવે પર ઉતરી આવી તોડફોડ કરતા શામળાજી થી ઉદયપુર હાઈવે બંધ રાખવાની ફરજ પડતા હજ્જારો ટ્રક ચાલકો ત્રણ દિવસથી ફસાયા હતા અને ભારે હાલાકીનો સામનો વેઠવો પડ્યો હતો ત્યારે રવિવારે સાંજે ખેરવાડા પંચાયત સમિતિ કાર્યાલય ખાતે આંદોલનકારીઓ સાથે સ્થાનિક નેતા અને પ્રશાસન તંત્ર સાથે રાજસ્થાન સરકારના ઈશારે બેઠક યોજ્યા બાદ આંદોલન સમેટી લેતા ત્રણ દિવસથી બંધ રહેલો હાઈવે પર વાહનોની અવર-જવર શરૂ થઈ છે ટ્રક ચાલકોમાં આનંદ છવાયો હતો

# કોરોનાના કારણે અમદાવાદનાં વેપારીઓને થયું ૧૦૦ કરોડનું નુકસાન

ગાંધીનગર,તા.૨૮

નવરાત્રિમાં આમ તો ગલી હોય કે મહોલ્લા રોશનીથી ઝગમગતા હોય છે. પણ આ વર્ષે કોરનાએ નવરાત્રિની રોનકને ફિક્કી પાડી છે. અને તેની સીધી અસર ઇલક્ટ્રોનિક માર્કેટ પર પડી છે. કોરોનાએ માણસની રહેણીકહેણી બંનેમા પરિવર્તન લાવી દીધુ છે. લોકોનો તહેવાર માણવાનો અંદાજ હવે બદલાઇ ગયો છે. અને તેની સીધી અસર તહેવારો પર પણ થઇ રહી છે. કોરોનાની આવી જ અસર નવરાત્રિના તહેવારને લઈને દેખાઈ રહી છે. આમ તો નવરાત્રીમાં વિવિધ લાઇટ્સ, બલ્બ તેમજ અન્ય ઈલેક્ટ્રોનિક આઈટમની ખરીદી થતી હોય છે.પણ કોરોનાનાં કારણે ગુજરાતના વેપારીઓની સંખ્યા નહિવત થતા રિલીફ રોડ અને ગાંધીરોડ પર આવેલ ઈલેક્ટ્રોનિક માર્કેટમાં અત્યારે મંદીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. રિલીફ રોડ અને ગાંધી રોડ પર આવેલ ઈલેક્ટ્રોનિક માર્કેટ હંમેશા ગ્રાહકોથી ધમધમતું હોય છે. નવરાત્રી આવતા વેપારી ખુશખુશાલ જોવા મળતા હોય છે. આ વખતે પરિસ્થિતિ કોરોનાનાં કારણે અલગ છે. નવરાત્રી પહેલા થતી ખરીદીમાં ઘટાડો નોંધાયો છે અને તેની અસર રિલીફ રોડ અને ગાંધી રોડ પર આવેલી ૩ હજાર ઈલેક્ટ્રોનિકની દુકાન પર પડી છે.

અત્યાર સુધી ૨૦ ટકા જેટલી ઈલિક્ટ્રિક્સ મટીરીઅલ્સસની ખરીદી થયી છે. તો બીજી બાજુ મંદીના કારણે નવરાત્રી પહેલા ઈલકેટ્રીકલ આઈટમની ખરીદી ન થવાના કારણે ૧૦૦ કરોડનું નુકશાન થયું હોવાનું વેપારીઓ કહી રહ્યાં છે.

# જાન હૈ તો જહાન હૈ..જિંદગીમાં જિન્દગી જ અગત્યની જીવી લેજો



વિશ્વ પ્રસિધ્ધ ફેશન ડિઝાઈનર, બ્લોગર અને લેખિકા કિર્જિદા રોડ્રિગ્ઝ દ્વારા તેનાં કેંસરથી થયેલા મોત પહેલા લખેલા કેટલાક વાકયો આ પ્રમાણે હતાં. "દુનિયાની સૌથી મોંઘી બ્રાન્ડની કાર મારા ગેરેજમાં પડી છે પરંતુ મારે વીલચેઅર પર બેસવાનું છે. મારા ઘરમાં બધાજ પ્રકારનાં ડિઝાઈનનાં કપડાઓ છે, જુતાઓ તથા મારા કબાટ મોંઘીઘાટ વસ્તુઓથી ભરેલ પડયા છે પણ મારા શરીર પર હોસ્પિટલ દ્વારા મળેલ નાની ચાદર જ રાખવાની છે. બેંકમાં મારી પાસે અઢળક પૈસા છે. પરંતુ હવે એ પૈસા મારા કોઈ કામનાં નથી. મારૂં ઘર મહેલ જેવું છે. પરંતુ હું હોસ્પિટલનાં એક બેડ પર જ રહેવાની. મેં સેંકડો લોકોને ઓટોગ્રાફ આપ્યા છે. પરંતુ આજ ડોકટરનું પ્રિસ્ક્રીપ્સન જ મારો ઓટોગ્રાફ છે. મારા વાળ સજાવવા માટે મારી પાસે સાત બ્યુટીશીયન હતાં. આજ મારા માથા પર એક પણ વાળ નથી."

"આમાંથી કોઈ મને આરામ દઈ શકતું નથી. દઈ શકે છે કેટલાક લોકોના હસતા ચહેરા તથા સ્પર્શ. મૃત્યુંથી બીજું કોઈ મોટું સત્ય નથી.

**સંકલનઃ વનિતા રાઠોડ**

**(આચાર્ય શાળા નં. ૯૩) (૭.૩૧)**






### અમિત ચાવડા,ધાનાણી સહિતના નેતાઓની અટકાયત કરાઈ

# કૃષિ બિલનાં વિરોધમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન, નિયમોના ઉડ્યા લીરેલીરા



ગાંધીનગર,તા.૨૮

કેન્દ્ર સરકારે કૃષિ અને ખેડૂત વિરોધી ૩ બિલ મંજૂર કર્યા હોવાના આક્ષેપ સાથે ગાંધીનગર ખાતે પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે ન્યાય કૂચનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા શહેર કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ગાંધીનગર ખાતે ન્યાય કૂચમાં ભાગ લેવા જાય તે પહેલા જ પોલીસે ૨૫ જેટલા કાર્યકરોની ધરપકડ કરી હતી. જેમાં વડોદરામાં રહેતી દીકરીને મળવા માટે મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખની પણ પોલીસે અટકાયત કરી હતી. કોંગ્રેસ અગ્રણીઓએ પોલીસની કામગીરીને લોકશાહીની હત્યા ગણાવી હતી. ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં કોંગી કાર્યકરોએ વિધાનસભા પરિસર સામે સરદાર પટેલની પ્રતિમા પાસેથી રાજભવન સુધી કૂચ કરવામાં આવી હતી.

આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો જોડાયા હતા. રાજભવન સુધી કૂચ કરે તે પહેલાં જ પોલીસે અમિત ચાવડા અને પરેશ ધાનાણી સહિત કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ નવા કૃષિ બિલને લઈને સરકાર પર આકરાં પ્રહાર કર્યા હતા અને બંને નેતાઓએ સરકારને ખેડૂત વિરોધી ગણાવી હતી. અમિત ચાવડાએ કહ્યું કે, સરકાર ખેડૂતોનો અવાજ દબાવે છે. ખેડૂતોની રોજગારી છીનવવાનો સરકારનો પ્રયાસ છે. ભાજપ ખેડૂત વિરોધી પાર્ટી છે. મંજૂરી વગર કોંગ્રેસ દ્વારા પ્રદર્શન કરવામાં આવતાં પોલીસ દ્વારા કોંગ્રેસ નેતાઓની અટકાયત કરવામાં આવી હતી.

આ સમયે કોંગી કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ સર્જાયું હતું. પોલીસે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષ નેતા પરેશ ધાનાણીની અટકાયકત કરી હતી. સાયલન્ટ ઝોનમાં મંજૂરી ન હોવાથી પોલીસે અટકાયતની કાર્યવાહી હાથ ધરી હતી. કોંગ્રેસનાં વિરોધ આંદોલન વચ્ચે ગાંધીનગરને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં પ્રવેશના રસ્તાઓ ઉપર પણ ચેકિંગ હાથ ધરાયું હતું. આ ઉપરાંત વિરોધ પ્રદર્શનને પગલે 'ચ' રોડનો ટ્રાફિક પણ ડાયવર્ટ કરવામાં આવ્યો હતો.

# ગુજરાત યુનિ.ને કોમર્સના ૪ રાઉન્ડને અંતે હજુ હજારો બેઠકો ખાલી

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત યુનિ.દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત કોમર્સમાં ચાર રાઉન્ડ પૂર્ણ કરી દેવાયા છે. ચાર રાઉન્ડને અંતે હવે ૧૨,૬૩૩ બેઠકો ખાલી છે. જયારે ૨૮,૧૧૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. પ્રવેશ સમિતિએ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી છે. જયારે હવે ખાલી બેઠકો માટે કોલેજ લેવલે આંતરિક મેરિટથી બેઠકો ભરવી કે ઓફલાઈન રાઉન્ડ કરવો તે મુદ્દે યુનિ.નિર્ણય કરશે. બી.કોમ, બીબીએ-બીસીએ અને ઈન્ટિગ્રેટેડ એમબીએ સહિતના કોમર્સ ફેકલ્ટીના વિવિધ કોર્સની આ વર્ષે ૪૦,૭૪૪ બેઠકો સામે ૩૬ હજારથી વધુ વિદ્યાર્થી રજિસ્ટર્ડ થયા હતા. આમ પ્રવેશ પ્રક્રિયા પહેલા જ ૪ હજારથી વધુ બેઠકો ખાલી પડી હતી.

યુનિ.દ્વારા એક, બે નહી પરંતુ ચાર ઓનલાઈન એડમિશન રાઉડન્ડ કરવામાં આવ્યા. ચોથા રાઉન્ડમાં માંડ ૨,૮૯૯ વિદ્યાર્થીએ જ પ્રવેશ લીધો હતો. જેમાંથી ૨,૭૯૭ વિદ્યાર્થીઓને કોલેજ ફાળવવામા આવી હતી. જેમાંથી ૧૫૦૨ વિદ્યાર્થીએ ફાળવેલી કોલેજમાં ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. જયારે ૧૨૯૫ વિદ્યાર્થીઓએ તેમની ચોઈસ અને મેરિટ મુજબ કોલેજ મળી છતાં ફી ભરી નથી અને પ્રવેશ કન્ફર્મ કર્યો નથી. આમ હવે ચાર રાઉન્ડના ચાર અંતે ૧૨,૬૩૩ બેઠકો ખાલી પડી છે. જેમાં સૌથી વધુ બી.કોમની છે અને બી.કોમમાં સૌથી વધુ ગુજરાતી માધ્યમની બેઠકો ખાલી છે. બીબીએ-બીસીએ સહિતના તમામ કોર્સમાં બેઠકો ખાલી છે.

ચાર રાઉન્ડમાં કુલ મળીને ૨૮,૧૧૧ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવી લીધો છે. ખાલી પડેલી બેઠકો હવે જે તે કોલેજોને પોતાની રીતે ભરવા આપવી કે ઓફલાઈન સેન્ટ્રલાઈઝડ રાઉન્ડ કરવો તે હજુ નક્કી નથી.

કોમર્સ ડીનની અધ્યક્ષતાવાળી પ્રવેશ સમિતિએ તો ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી દીધી છે અને હવે કોઈ પણ રાઉન્ડ ન કરવાનું જાહેર કરી દીધુ છે.જયારે ૧૨ સા.પ્ર.ની પુરક પરીક્ષા બાદ તેના પરિણામના આધારે હવે ખાલી બેઠકો ભરાશે.આ વર્ષે પુરકમાં વધુ વિદ્યાર્થીઓ હોવાથી કોલેજ લેવલે વધુ બેઠકો ભરાશે.

# બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ પાલનપુર કલેકટર કચેરી ખાતે આજે પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસડેરીની ચૂંટણી માં ફોર્મ ભરવાની આડે માત્ર એક દિવસ બાકી છે ત્યારે બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ પાલનપુર કલેકટર કચેરી ખાતે આજે પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું જિલ્લા ભાજપના સમર્થકો સાથે ડીસા ધારાસભ્ય શશીકાંત પંડયા કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા અણદા ભાઈ પટેલ ધાનેરાના પૂર્વ ધારાસભ્ય જોઈતા પટેલ,પી જે ચૌધરી જેવા સમર્થકો સાથે આજે શંકર ચૌધરી એ રાધનપુર બેઠક માટે બનાસ ડેરીની ચૂંટણીમાં પોતાનું ફોર્મ રજુ કર્યું હતું જોકે આ તરફ પાલનપુર બેઠક પરથી બનાસ ડેરીના પૂર્વ ચેરમેન પરથી ભટોળ તેમજ વડગામ બેઠક પરથી કેસર ચૌધરીએ પણ પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કર્યું હતું ત્યારે થરાદ બેઠક પરથી સાંસદ પરબત પટેલે પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું જોકે ડીસા થી માવજી દેસાઈ આવતીકાલે ફોર્મ રજૂ કરશે ,માવજી દેસાઈ બનાસડેરી માં વાઈસ ચેરમેન હતા તેમજ



શંકરભાઈ ચૌધરી સામે તાજેતરમાં ડેરી ના વહીવટ તેમજ રાજકારણ ને લઇ આક્ષેપો કર્યા હતા. ત્યારે હવે શંકરભાઈ એ આજે મોટી સંખ્યામાં પોતાના સમર્થકો સાથે ફોર્મ રજુ કર્યું હતું .ત્યારે હવે જ્યારે આવતી કાલે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે ત્યારે આવતી કાલે સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે. અગાઉ ભરાયેલા ૪ ડિરેક્ટર ના ફોર્મ શંકરભાઈ ચૌધરી ના સમર્થન માં હોવાનું જાણવા મળી રહ્યું છે.જોકે હવે બાકી રહેલી બેઠકો માં કોન કોન ફોર્મ ભરે છે તે મહત્વનું છે.જોકે શંકરભાઈ ચૌધરી ની પેનલ સામે કોન કોન મેદાન માં આવે છે.તે મહત્વનું બની રહે છે.હાલ તો બનાસડેરી ની ચુંટણી ને લઇ સહકારી અને સરકારી રાજકારણ ગરમાયું છે.વર્તમાન પેનલ સામે પરિવર્તન પેનલ બને છે કે નહીં એ હવે આવતીકાલે જાણવા મળશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.